સુવિચાર

જે વ્યક્તિને સંતોષ નથી, તેને ગમે તેટલું મળે તો પણ અસંતુષ્ટ જ રહેશે...

RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક




રાજકોટના રાજમાર્ગ પર ભગવાન જગન્નાથજીની નીકળી ભવ્ય રથયાત્રા P-4


Year-16, Issue-69 ■ DATE : 27-06-2025 FRIDAY ■ Retail Selling Price : Rs. 3/- ■ Page-4 ■ DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI




## ભગવાન જગન્નાથજી નિકળ્યા નગરચર્ચાએ

### જય રણછોડ, માખણચોરની ગગનભેદી ગૂંજ: પ્રથમવાર રથયાત્રાને ગાર્ડ ઓફ ઓનર: હજારો ભાવિકોની હાજરી વચ્ચે અભૂતપૂર્વ સુરક્ષા બંદોબસ્ત







### મુખ્યમંત્રીએ પહિંદવિધિ સાથે પ્રસ્થાન કરાવ્યુ: કેન્દ્રીય ગૃહમંત્રી અમીત શાહ, હર્ષ સંઘવી સહિતના મહાનુભાવોએ દર્શન - આરતી કર્યા: ૧૭માંથી એક ગજરાજ બેકાબૂ, રથયાત્રામાં નાસભાગ મચી



**મુખ્ય સમાચાર, અમદાવાદ**

અષાઢીબીજના આજના પવિત્ર દિવસે અમદાવાદ જય રણછોડ, માખણચોરના ગગનભેદી નાદ સાથે ગુંજી ઉઠયુ હતું. ભગવાન જગન્નાથજીની ૧૪૮મી રથયાત્રામાં ભકતોના ઘોડાપુર ઉમટયા હતા.

કેન્દ્રીય ગૃહમંત્રી અમીત શાહ, ગુજરાતના ગૃહ રાજયમંત્રી હર્ષ સંઘવી સહિતના મહાનુભાવોની હાજરીમાં વિરાટ રથયાત્રાનું પ્રસ્થાન કરાવવામાં આવ્યુ હતું. રથયાત્રા આખો દિવસ શહેરમાં પરિભ્રમણ કરીને મોડી સાંજે નિજમંદિરે પરત ફરશે.

ભગવાન જગન્નાથજીની રથયાત્રાને આજે પ્રથમ વખત ગાર્ડ ઓફ ઓનર આપવામાં આવ્યુ હતું. ભગવાન જગન્નાથજી, સુભદ્રાજી તથા બલભદ્રજીના ત્રણ રથ સાથે પરંપરાગત વિરાટ રથયાત્રાનું પ્રસ્થાન થયુ હતું. મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે પહિંદવિધિ કરાવી હતી.

કેન્દ્રીય ગૃહમંત્રી અમીત શાહ પરિવાર સાથે હાજર રહ્યા હતા અને દર્શન-આરતી કર્યા હતા. પ્રસ્થાન વખતે પ્રથમવાર ગાર્ડ ઓફ ઓનર અપાયુ હતુ. રથયાત્રાને પગલે વ્હેલી સવારે ચાર વાગ્યાથી જ મંદિરે ભાવિકો ઉમટી પડયા હતા.

રથયાત્રામાં ગજરાજ, ભજન મંડળીઓ સાથે રાસ ગરબાની રમઝટ થઈ હતી. સમગ્ર રૂટ પર ભગવાન જગન્નાથજીના રૂટ પર પુષ્પવર્ષા થતી રહી હતી. સમગ્ર રૂટ પર ભગવાનના દર્શનાર્થે હજારોની સંખ્યામાં ભાવિકોની કતારો જોવા મળી હતી.

રથયાત્રાના પ્રારંભ સાથે એક પછી એક રથ જમાલપુર દરવાજાથી આગળ પહોંચ્યા હતા. પ્રસ્થાન વખતે જ પવિત્ર અમીછાંટણા થયા હતા. સમગ્ર રથયાત્રામાં જય રણછોડની ગુંજ રહી છે. રથયાત્રામાં ૧૮ ગરાજ, ૧૦૧ ટ્રક, અંગ કસરતના ૩૦ અખાડા, ૧૮ ભજનમંડળી, ત્રણ બેન્ડવાજા જોડાયા હતા. હરિદ્વાર, ઉજજૈન, અયોધ્યા, નાસિક સહિતના પવિત્ર ધર્મસ્થળોએથી ૨૫૦૦થી વધુ સાધુસંતો સામેલ થયા હતા.

૧૪૮મી પરંપરાગત રથયાત્રા શાંતિપૂર્ણ રહે અને કોઈ અવરોધ કે અનિચ્છનીય બનાવ ન બને તે માટે અભૂતપૂર્વ સુરક્ષા બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. પ્રથમ વખત એઆઈ ટેકનોલોજીથી ક્રાઉડ મેનેજમેન્ટ કરવામાં આવ્યું છે.

ડ્રોનથી સમગ્ર રૂટ પર દેખરેખ રાખવામાં આવી રહી છે. ધાબા પોઈન્ટ ઉભા કરાયા છે. સમગ્ર રૂટ પર ૨૪૦૦૦ જવાનોનો સુરક્ષા બંદોબસ્ત રાખવામાં આવ્યો છે. એટીએસ, રેપીડ એકશન ફોર્સ સહિતની સુરક્ષા એજન્સીઓ પણ સલામતી વ્યવસ્થામાં સામેલ છે.

પ્રસ્થાન થતા બાદ રથયાત્રામાં સામેલ હાથીમાંથી ત્રણ હાથી બેકાબૂ બન્યા હતા. અચાનક જ આ હાથી રથયાત્રાનો રૂટ છોડીને અન્ય પોળમાં ઘૂસી ગયા હતા. હાથીને ભાગતા આવતા જોઈ લોકોમાં પણ નાસભાગ મચી ગઈ હતી. જેમાં ત્રણ જેટલાં લોકો ઈજાગ્રસ્ત થયા છે. મળતી માહિતી મુજબ ડી.જેના કારણે ખાડિયા વિસ્તારમાં હાથી બેકાબૂ બન્યા હોવાનું જણાવવામાં આવી રહ્યું છે. જોકે, પોલીસની સમયસૂચકતાના કારણે કોઈ અફરાતફરી નહતી મચી. ગણતરીની મિનિટોમાં મહાવતે હાથી પર કાબૂ મેળવી લીધો હતો. પોલીસની કામગીરીના કારણે કોઈ મોટી જાનહાનિ ટળી હતી.

## ગુજરાતમાં ઓલિમ્પિક યોજવાની તૈયારીને ફટકો: આંતરરાષ્ટ્રીય કમીટીએ ૨૦૩૬ના ઓલિમ્પિકસ ગેમ માટેની બીડ પ્રક્રિયા હાલ સ્થગિત કરી





**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

૨૦૩૬ના ઓલિમ્પિકસ ગેમ મહોત્સવ ભારતમાં યોજવાના આયોજનને મોટો આંચકો લાગ્યો છે. એક તરફ દેશમાં અમદાવાદ અને ગાંધીનગર સહિતના ક્ષેત્રમાં ઓલિમ્પિક કક્ષાના સ્ટેડીયમ અને અન્ય સુવિધાઓ ઉભી કરવા માટે રાજય સરકારે ખાસ આયોજન કર્યુ છે અને તે કામગીરી પણ શરૂ થઈ ગઈ છે.

તે સમયે જ આંતરરાષ્ટ્રીય ઓલિમ્પિક કમીટીએ ૨૦૩૬ના ઓલિમ્પિકસ ગેમ માટેની બીડ પ્રક્રિયા હાલ સ્થગિત કરી દીધી છે. આ બીડમાં ભારત અગ્ર ક્રમે હતું. ઈન્ટરનેશનલ ઓલિમ્પિક કમીટી હવે નવા ચેરમેન ક્રિસ્ટી કોવેન્ટ્રીના નેતૃત્વ હેઠળ બની છે અને તેણે હવે ભવિષ્યના યજમાન નકકી કરવા માટે સમગ્ર પ્રક્રિયામાં નવેસરથી વિચારણા કરવા નિર્ણય લીધો છે.

ક્રિસ્ટીએ એક સમયે ઓલિમ્પિકમાં સ્વીમીંગ ચેમ્પીયન રહી ચૂકયા છે. ધ ઈન્ટરનેશનલ ઓલિમ્પિક કમીટીના ચેરમેન તરીકે આવનાર તેઓ પ્રથમ મહિલા છે અને હાલમાં જ તેમના અધ્યક્ષ પદ હેઠળ યોજાયેલી બેઠકમાં ઓલિમ્પિક આયોજન માટેની પ્રક્રિયામાં વિચારણા કરવાની જરૂર છે આ માટે તેઓએ બે કારણો આપ્યા છે.

જેમાં સભ્યો સમગ્ર આયોજનમાં વધુ સક્રિયપણે ભાગ લઈ શકાય તેવું ઈચ્છે છે. અને હવે પછીના યજમાન કયા દેશ હશે તે અંગે પણ નવેસરથી વિચારણા જરૂરી છે. જોકે અત્યાર સુધીમાં ૨૦૨૮માં લોસએન્જલીસમાં અને ૨૦૩૨માં ફ્રાન્સના આલ્પસમાં ખેલ મહોત્સવ યોજવા માટે મંજૂરી અપાઈ છે.

૨૦૩૬ માટે હવે આ બન્ને આયોજનની કામગીરી જોયા પછી નિર્ણય લેવાશે. ભારતીય પ્રતિનિધિ મંડળ આગામી સપ્તાહે જ પોતાનો દાવો રજૂ કરવા આંતરરાષ્ટ્રીય ઓલિમ્પિક કમીટી સમક્ષ આઈઓસીના હેડકવાટર જવાનું છે જો કે તેનો કાર્યક્રમ યથાવત છે.

એવો સંકેત આપ્યો હતો કે ભવિષ્યના આયોજનમાં ગ્લોબલ સાઉથમાં આફ્રિકા અને લેટીન અમેરીકાના દેશો અંગે પણ વિચારણા થઈ શકે છે. આમ ભારતે હવે સમગ્ર પ્રક્રિયા નિશ્ચિત થાય તેની રાહ જોવી પડશે.

## દેશની વિવિધ બેંકોની શાખાઓમાંથી ૮.૫ લાખ નકલી ખાતા મળ્યા

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

જે લોકો સાયબર છેતરપિંડી અને ડિજિટલ ધરપકડ જેવી વિવિધ ઘટનાઓને અંજામ આપી રહ્યા છે તેમણે અર્થતંત્ર સાથે ખતરનાક રમત રમી છે. બેંક અધિકારીઓ, ઈ-મિત્રો, બેંક મિત્ર અને એજન્ટોની મદદથી, તેમણે દેશભરમાં વિવિધ બેંકોની ૭૦૦ થી વધુ શાખાઓમાં ૮.૫ લાખથી વધુ મૂલ બેંક ખાતા ખોલ્યા છે. સીબીઆઈ તપાસમાં આ માહિતી સામે આવી છે. આ કેસના સંદર્ભમાં, ગુરુવારે, CBIની અલગ અલગ ટીમોએ દિલ્હી, હરિયાણા અને ઉત્તર પ્રદેશ સહિત પાંચ રાજ્યોમાં ૪૨ સ્થળોએ દરોડા પાડ્યા. આ સમયગાળા દરમિયાન, સીબીઆઈએ નવ આરોપીઓની ધરપકડ પણ કરી હતી.

મ્યુલ એકાઉન્ટ્સઁ એ બેંક એકાઉન્ટ્સ છે જેનો ઉપયોગ ગુનેગારો ગેરકાયદેસર રીતે મેળવેલા પૈસા છુપાવવા અથવા ટ્રાન્સફર કરવા માટે કરે છે. ઘણીવાર, આ ખાતા એવા વ્યક્તિઓના નામે ખોલવામાં આવે છે જેમને કાં તો છેતરપિંડી દ્વારા છેતરવામાં આવ્યા હોય (જેમ કે નોકરીનું વચન આપીને) અથવા જેઓ જાણી જોઈને નાના કમિશન માટે તેમના ખાતાનો ઉપયોગ કરવાની મંજૂરી આપે છે.

સીબીઆઈએ જણાવ્યું હતું કે રાજસ્થાન, દિલ્હી, હરિયાણા, ઉત્તરાખંડ અને ઉત્તર પ્રદેશમાં ૪૨ સ્થળોએ દરોડા પાડવામાં આવ્યા હતા. ઘણી બેંકોની શાખાઓમાં પણ દરોડા પાડવામાં આવ્યા હતા. સાયબર છેતરપિંડી અને ડિજિટલ ધરપકડમાં સામેલ લોકો સામે સીબીઆઈના ચાલી રહેલા ઓપરેશન-૫ અભિયાનના ભાગ રૂપે આ દરોડા પાડવામાં આવ્યા હતા. તપાસમાં જાણવા મળ્યું છે કે ૭૦૦ થી વધુ બેંકોમાં સાડા આઠ લાખથી વધુ ખચ્ચર ખાતા ખોલવામાં આવ્યા છે. બેંક અધિકારીઓ ઉપરાંત, આવા ખચ્ચર ખાતા એજન્ટો, એગ્રીગેટર્સ, બેંક મિત્રો, મધ્યસ્થી અને ઈ-મિત્રો સાથે મળીને ખોલવામાં આવ્યા હતા જેથી સાયબર છેતરપિંડીમાંથી પૈસા ખચ્ચર ખાતા દ્વારા ઉપાડી શકાય.

સીબીઆઈએ જણાવ્યું હતું કે શરૂઆતમાં, ખચ્ચર ખાતા ખોલવાના સમગ્ર કાવતરા, બેંકરો અને વચેટિયાઓની ભૂમિકાનો પર્દાફાશ કરવા અને બેંકોના હાલના નિયમો અને માર્ગદર્શિકાને સમજવા માટે આ કેસમાં તપાસ શરૂ કરવામાં આવી હતી. આ જ તપાસમાં જાણવા મળ્યું કે દેશભરની વિવિધ બેંકોની ૭૦૦ થી વધુ શાખાઓમાં લગભગ ૮.૫ લાખ ખચ્ચર ખાતા ખોલવામાં આવ્યા હતા. આ ખાતાઓ યોગ્ય દ્વ્દ ધોરણો, ગ્રાહકની યોગ્ય તપાસ અને પ્રારંભિક જોખમ મૂલ્યાંકન વિના ખોલવામાં આવ્યા હતા. આ બધા ખાતા બંધ થઈ જશે.

સિસ્ટમ દ્વારા જનરેટ કરાયેલા કેટલાક શંકાસ્પદ વ્યવહાર ચેતવણીઓ અંગે બેંકોના બેંક મેનેજરો પણ પગલાં લેવામાં નિષ્ફળ ગયા. હવે, તેમની ભૂમિકાની પણ તપાસ કરવામાં આવી રહી છે કે શું તેઓ આરોપીઓ સાથેની મિલીભગતને કારણે શંકાસ્પદ એકાઉન્ટ વ્યવહારો અંગેના ચેતવણીઓ પર ધ્યાન આપવામાં નિષ્ફળ ગયા હતા કે તેઓ ખરેખર નિષ્ફળ ગયા હતા. જોકે, સીબીઆઈ દ્વારા અત્યાર સુધી ધરપકડ કરાયેલા નવ આરોપીઓમાંથી કોઈ પણ બેંક અધિકારી નથી. જ્યારે સૂત્રો કહે છે કે બેંક અધિકારીઓ કે કર્મચારીઓની મિલીભગત વિના નકલી દસ્તાવેજોના આધારે કોઈપણ બેંકમાં ખાતું ખોલાવવું અત્યંત મુશ્કેલ છે. આવી સ્થિતિમાં, સીબીઆઈનું આગામી લક્ષ્ય તે બેંક અધિકારીઓ હોઈ શકે છે જેઓ આવા ખચ્ચર ખાતા ખોલવાની મંજૂરી આપી રહ્યા છે અને પછી તેમના દ્વારા પૈસાના વ્યવહારને મંજૂરી આપી રહ્યા છે.

## ચૂંટણી પંચે ૩૪૫ બિનમાન્યતા પ્રાપ્ત રાજકીય પક્ષોને યાદીમાંથી હટાવવા કવાયત આરંભી

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ભારતના ચૂંટણી પંચે ૩૪૫ નોંધાયેલા બિનમાન્યતા પ્રાપ્ત રાજકીય પક્ષોને યાદીમાંથી બહાર કાઢવાની પ્રક્રિયા શરૂ કરી છે જે છેલ્લા ૬ વર્ષથી નિષ્ક્રિય છે. પંચે આ પગલું એટલા માટે લીધું કારણ કે આ પક્ષો ૨૦૧૯થી છેલ્લા ૬ વર્ષમાં એક પણ ચૂંટણી લડવાની ફરજિયાત શરત પૂરી કરવામાં નિષ્ફળ ગયા છે અને આ પક્ષોના કાર્યાલયો ભૌતિક રીતે ક્યાંય સ્થિત નથી.

345 RUPPs દેશભરના વિવિધ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાંથી છે. RUPP સિસ્ટમમાં પારદર્શિતા લાવવા અને નોંધણીના દુરુપયોગને રોકવા માટે આ પગલું લેવામાં આવ્યું છે.

કમિશનના ધ્યાનમાં આવ્યું છે કે, હાલમાં નોંધાયેલા ૨,૮૦૦ થી વધુ RUPPs માંથી, ઘણા RUPPs RUPP તરીકે ચાલુ રાખવા માટે જરૂરી શરતો પૂર્ણ કરવામાં નિષ્ફળ ગયા છે.

મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારના નેતૃત્વ હેઠળના ભારતના ચૂંટણી પંચે, ચૂંટણી કમિશનર ડો. સુખબીર સિંહ સંધુ અને ડો. વિવેક જોશી સાથે મળીને ૩૪૫ નોંધાયેલા બિનમાન્યતા પ્રાપ્ત રાજકીય પક્ષો (RUPPs)ને યાદીમાંથી કાઢી નાખવાની કાર્યવાહી શરૂ કરી છે.

આવા RUPPsને ઓળખવા માટે રાષ્ટ્રવ્યાપી કવાયત હાથ ધરવામાં આવી હતી અને અત્યાર સુધીમાં આવા 345 RUPPsને ઓળખવામાં આવ્યા છે. કોઈપણ પક્ષને યાદીમાંથી અન્યાયી રીતે બાકાત રાખવામાં ન આવે તે સુનિશ્ચિત કરવા માટે, સંબંધિત રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશોના CEOને આવા CEOને કારણદર્શક નોટિસ જારી કરવાનો નિર્દેશ આપવામાં આવ્યો છે, જેના પછી આ પક્ષોને સંબંધિત CEO દ્વારા સુનાવણી દ્વારા તક આપવામાં આવશે.

કોઈપણ RUPPને યાદીમાંથી બાકાત રાખવા અંગેનો અંતિમ નિર્ણય ભારતના ચૂંટણી પંચ દ્વારા લેવામાં આવશે. દેશના રાજકીય પક્ષો જનપ્રતિનિધિત્વ અધિનિયમ, ૧૯૫૧ની કલમ 29Aની જોગવાઈઓ હેઠળ ECI સાથે નોંધાયેલા છે.

આ જોગવાઈ હેઠળ, કોઈપણ સંગઠન, એકવાર રાજકીય પક્ષ તરીકે નોંધાયેલ હોય, તે કર મુક્તિ જેવા ચોક્કસ વિશેષાધિકારો અને લાભોનો આનંદ માણે છે.

## સૌરાષ્ટ્ર પર મેઘરાજાની અમીદ્રષ્ટી: જૂનાગઢના માળીયાહાટીનામાં ૬ ઈંચથી વધુ વરસાદ ખાબકયો

**મુખ્ય સમાચાર, રાજકોટ**



ગુજરાતના અનેક જિલ્લાઓમાં છેલ્લા ૨૪ કલાકમાં એટલે કે ૨૭ જૂન ૨૦૨૫ના રોજ સવારે ૬૦૦ વાગ્યા સુધીમાં વરસાદ નોંધાયો છે. જૂનાગઢ જિલ્લાના માળીયા હાટીના તાલુકામાં સૌથી વધુ ૧૫૭ મિલીમીટર (૬.૧૮ ઈંચ) વરસાદ ખાબક્યો છે. જ્યારે સાબરકાંઠાના વડાળીમાં પણ ૧૫૩ મિલીમીટર (૬.૦ ઈંચ) જેટલો ભારે વરસાદ નોંધાયો હતો. ત્યાર-બાદ ગીર સોમનાથના તાલાલામાં ૧૩૫ મિલીમીટર (૫.૩૧ ઈંચ) વરસાદ પડ્યો. સુરત જિલ્લાના મહુવા અને જૂનાગઢના વિસાવદરમાં ૧૩૩ મિલીમીટર (૫.૨૪ ઈંચ) વરસાદ નોંધાયો હતો. માંગરોળ (જૂનાગઢ) ૧૩૦ મિલીમીટર (૫.૧ ઈંચ) અને ખેરગામ (નવસારી)માં ૧૧૯ મિલીમીટર (૪.૬૯ ઈંચ), ગીર સોમનાથના સુત્રાપાડામાં ૧૧૭ મિલીમીટર (૪.૬૧ ઈંચ),નવસારીના ચિખલીમાં ૧૧૫ મિલીમીટર (૪.૫૩ ઈંચ), સાબરકાંઠાના ઈડરમાં ૧૦૮ મિલીમીટર (૪.૩ ઈંચ), ખેડબ્રહ્મામાં ૧૦૪ મિલીમીટર (૪.૧ ઈંચ) અને બનાસકાંઠાના વડગામમાં ૧૦૨ મિલીમીટર (૪.૦ ઈંચ) વરસાદ નોંધાયો હતો.

## ૧ જુલાઈથી રેલ સફર મોંઘી બનશે

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

આમ જનતા માટે હવે રેલવેની સફર મોંઘી થવા જઈ રહી છે. રેલવે એક જુલાઈથી નવુ ભાડુ લાગુ કરાવવા જઈ રહ્યુ છે. આ ફેરફારથી લાંબા અંતરની યાત્રા કરનાર યાત્રીને ખિસ્સુ ઢીલુ થઈ શકે છે.જોકે માસીક યાત્રાના પાસ પર તેની અસર નહિં પડે.

આ ઉપરાંત જુલાઈથી એચ/એફસી બેન્કનો ઉપયોગ કરનાર લોકો માટે ક્રેડીટ કાર્ડ પેમેન્ટ, ઓનલાઈન વોલેટ લેવડ-દેવડ વગેરેને લઈને નિયમો બદલી રહયા છે.

આઈસીઆઈસીઆઈ બેન્કે એટીએમથી પૈસા ઉપાડવાના નિયમોમાં ફેરફાર કર્યા છે. હવે આઈસીઆઈઆઈ ગ્રાહક કોઈ અન્ય બેન્કનાં એટીએમથી જો મહિનામાં ત્રણ વારથી વધુ પૈસા ઉપાડે છે તો દરેક વધારાની નાણાકીય લેવડ-દેવડ પર ૨૩ રૂપિયા અને બિન નાણાંકીય લેવડ-દેવડ પર ૮.૫૦ રૂપિયાનો ચાર્જ લાગશે.

હવે આધારકાર્ડ વિના નવું પાનકાર્ડ નહિં બનાવી શકો પાનકાર્ડ માટે આધાર કાર્ડ ફરજીયાત કરવામાં આવેલ છે. જો તમારી પાસે આધાર અને પાનકાર્ડ છે તો તેને લિંક કરાવવુ જરૂરી છે. તેના માટે ૩૧ ડીસેમ્બર ૨૦૨૫ નો સમય અપાયો છે. સમય પર લિંક ન કરાવવાથી દંડ કે પાનકાર્ડ અમાન્ય થઈ જશે

નોન એસીમાં ભાડુ ૧ રૂપિયો દર કિલોમીટરે અને એસીમાં બે રૂપિયા દર બે કિલોમીટર વધાર્યુ છે. જોકે ૫૦૦ કિલોમીટરનાં અંતર સુધી લોકલ અને સામાન્ય સેક્ધડ કલાસનાં ભાડામાં કોઈ ફેરફાર નહિં થાય. ૫૦૦ કિલોમીટરથી વધુની સેક્ધડ કલાસ યાત્રા પર માત્ર ૦.૫ પૈસા દર કિલોમીટરે વધારો થશે. એમએસટીમાં કોઈ ફેરફાર નહિં થાય.

રેલવે તત્કાલ બુકીંગની પદ્ધતિમાં ૧ જુલાઈથી ફેરફાર કરવા જઈ રહ્યું છે. હવે આઈઆરસીટીસીની વેબસાઈટ કે એપથી ટીકીટ બુક કરતી વખતે એક ઓટીપી આપના મોબાઈલ પર મોકલવામાં આવશે જયાં સુધી આપ ઓટીપીને વેરીફાઈ નહિં કરો, ત્યાં સુધી ટીકીટ બુકીંગ પુરૂ નહિં માનવામાં આવે. આ ટીકીટ બુકીંગ સીસ્ટમ બહેતર થશે.

એચડીએફસી બેન્કે ક્રેડીટ કાર્ડનો ઉપયોગ કરનારા લોકો માટે એક નવો ચાર્જ લાગુ કર્યો છે. જો તમે ડ્રીમ ૧૧ એમપીએલ કે રમી કલ્ચર જેવી ગેમીંગ એપ્સ પર મહિને, ૧૦ હજારથી વધુ રૂપિયો ખર્ચ કરો છો તો એક ટકો વધારાનો ચાર્જ આપવો પડશે.

આ ચાર્જ પેટીએમ, મોબિકિવક અને ફ્રી ચાર્જ જેવા વોલેટસમાં ૧૦ હજાર રૂપિયાથી વધુ લોડ કરવાથી પણ લાગશે.

# જામનગરમાં શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ યોજાયો






**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર, ગુજરાતના કૃષિ, પશુપાલન, ગૌ સંવર્ધન, મત્સ્યોદ્યોગ, ગ્રામ વિકાસ અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગના મંત્રી રાઘવજી પટેલના અધ્યક્ષ સ્થાને જામનગર જિલ્લાના જાંબુડા, અલિયા તથા બાળા ખાતે શાળા પ્રવેશોત્સવ તથા કન્યા કેળવણી મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મંત્રીએ શાળામાં નવા પ્રવેશ મેળવનાર બાળ વિદ્યાર્થીઓને શૈક્ષણિક કીટ અર્પણ કરી તેમનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું.આ પ્રસંગે કૃષિમંત્રી શિક્ષણ ક્ષેત્રે ગુજરાતની પ્રગતિ વિશે જણાવતા કહ્યું કે બાળકોને શિક્ષિત કરવા માટે સરકાર ભગીરથ પ્રયાસો કરી રહી છે, જેના પરિણામે ડ્રોપઆઉટ રેશિયો આજે ૪૧% થી ઘટીને માત્ર ૨% પર પહોંચ્યો છે.બાળકોને ઉત્તમ શિક્ષણ મળે અને તેમનું યોગ્ય ઘડતર થાય તે માટે સરકાર સતત પ્રયત્નશીલ છે.આજે રાજ્યના મુખ્યમંત્રીથી લઈને ઉચ્ચ અધિકારીઓ સુધી સૌ કોઈ શાળાઓમાં પહોંચી નવા વિદ્યાર્થીઓને ઉમળકાભેર આવકારી રહ્યા છે, જે સરકારની શિક્ષણ પ્રત્યેની સામૂહિક પ્રતિબદ્ધતા દર્શાવે છે.મંત્રીશ્રીએ વધુમાં ઉમેર્યું કે રાજ્યના તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુજરાત શિક્ષણ ક્ષેત્રે આગળ વધે તે માટે શરૂ કરેલા 'શાળા પ્રવેશોત્સવ' અને 'કન્યા કેળવણી મહોત્સવ' જેવા કાર્યક્રમોએ મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે.આ કાર્યક્રમોના અમલના પરિણામે આજે દીકરીઓના શિક્ષણ સ્તરમાં નોંધપાત્ર વધારો થયો છે.અંતે, મંત્રીશ્રીએ ઉપસ્થિત સૌને રાજ્ય સરકાર દ્વારા અમલમાં મુકાયેલી શિક્ષણ ક્ષેત્રની અનેકવિધ યોજનાઓનો મહત્તમ લાભ લઈને પ્રગતિ સાધવા આહવાન કર્યું હતું.

આ પ્રસંગે માધ્યમિક શાળા અલિયા ખાતે મંત્રી દ્વારા સ્માર્ટ કલાસરૂમ તથા કોમ્પ્યુટર લેબનું લોકાર્પણ કરાયું હતું તેમજ અભ્યાસ, રમત-ગમત તથા અન્ય ક્ષેત્રે ઉત્કૃષ્ટ પ્રદાન કરનાર વિદ્યાર્થીઓને મંત્રીશ્રી સહિતના મહાનુભાવો દ્વારા સન્માનિત કરવામાં આવ્યા હતા.સાથે જ શાળાના વિદ્યાર્થીઓએ પર્યાવરણ, વિજ્ઞાન, ટેકનોલોજી સહિતના વિષયો પર ઉત્કૃષ્ટ વક્તવ્ય રજૂ કર્યું હતું.ઉલ્લેખનીય છે કે ગુજરાત સરકારના ''એક પણ બાળક શિક્ષણથી વંચિત ન રહે'' ના સંકલ્પને સાકાર કરવા સમગ્ર જિલ્લામાં શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે.જેમાં આ વર્ષે જામનગર જિલ્લામાં કુલ ૨૫,૧૯૫ બાળકો વિવિધ શૈક્ષણિક સ્તરે પ્રવેશ મેળવશે. જેમાં આંગણવાડીમાં ૪,૩૦૭ બાળકો, બાલવાટિકામાં ૭,૩૩૬ બાળકો, ધોરણ ૧ માં ૮,૭૫૨ બાળકો અને ધોરણ ૯ માં ૪,૮૦૦ બાળકોનો સમાવેશ થાય છે.આ પ્રસંગે હાપા માર્કેટિંગ યાર્ડના ચેરમેમ મુકુંદ સભાયા, જિલ્લા ભાજપ પ્રમુખ ડો.વિનુભાઈ ભંડેરી, સમગ્ર શિક્ષા અભિયાન ગાંધીનગરના અતુલ પંચાલ, પીજીવીસીએલ ના કાર્યપાલક ઈજનેર પી.સી.પટેલ, ગામના સરપંચઓ, આગેવાનો, શાળાના આચાર્યઓ, સી.આર.સી., બી.આર.સી., શિક્ષક ગણ, વાલીઓ તથા બહોળી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# જામનગર રણમલ તળાવે ઝુલેલાલ ઘાટ નિર્માણ કરવા સિંધી સમાજે કરી રજૂઆત

**મુખ્ય સમાચાર, જામનગર**



જામનગરમાં સમાજ ની દીકરી નગરસેવિકા બબીતા લાલવાણી દ્વારા સમાજ હિત ની માંગણી કરતા મોટી સંખ્યામાં સિંધી સમાજ એકત્રીત થઈ જોડાયું.જામનગર સિંધી સમાજ દ્વારા મોટી સંખ્યામાં એકત્ર થઈ સમાજ ના ચૂંટાયેલા નગરસેવિકા પ્રતિનિધિ બબીતાબેન મુકેશભાઈ લાલવાણીની આગેવાની માંજામનગર સિંધી સમાજ દ્વારા જામનગરની શાન સમા રણમલ-લાખોટા તળાવ ખાતે ઝુલેલાલ ઘાટનું નિર્માણ કરવા લેખિતમાં કમિશનર, મેયર, સ્ટેન્ડિંગ ચેરમેન, ધારાસભ્યો અને સાંસદને સમાજની લાગણીસભર આસ્થા અને પવિત્ર કાર્ય ની હકારાત્મક માંગણી કરવામાં આવી છે.જે અનવયે સમગ્ર સિંધી સમાજ દ્વારા પ્રથમે શહેરના તુલસી ટ્રાવેલ્સ સામે આવેલ રણમલ તળાવ ના ગેટ પાસે ઘાટ માંગણી સ્થળે એકત્રીત થઈ જ્ઞાતિબંધુઓને માંગણી વિષય મુદ્દે રૂબરૂ મુલાકાત સાથે ઘાટ નિર્માણ સ્થળ માહિતગાર કરી બાદમાં શહેરના ધારાસભ્ય દિવ્યેશભાઈ અકબરી. ધારાસભ્ય રિવાબા, સાંસદ પૂનમબેન.ના કાર્યાલય પર તેમજ મનપા ના મેયર વિનોદભાઈ ખીમસુરીયા, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન , કમિશનર ડી.એન.મોદીને પણ રૂબરૂમાં મૌખિકતા સાથે વિસ્તૃતમાં વિધાનો અને શાસ્ત્રોનું સાર સારાંશ સાથે સિંધી સમાજ દ્વારા ઈષ્ટદેવ ભગવાન ઝૂલેલાલ જીના પૂજ ભહેરાણા સાહેબ ની પૂજા અર્ચન અને વિસર્જન વગેરે બાબત વર્ણન કરી સમજૂતી સાથ લેખિતમાં રજુઆત કરવામાં આવી.જે બાબતે ચૂંટાયેલા પ્રતિનિધિઓ અને મનપાના પ્રસાશન અધિકારી દ્વારા સિંધી સમાજની આ ધાર્મિક આસ્થા ભરી લાગણીશીલ રજૂઆત હકારાત્મક માંગણી ને સ્વીકારી આ મુદ્દે સ્ટેન્ડિંગ માં અને જનરલમાં ચર્ચા વિચારણા કરી માંગણી ને સકારાત્મક દિશામાં પૂર્ણ કરવા પ્રયત્નો કરવામાં આવશે ની લાગણી વ્યક્ત કરી હતી.આ તકે.જામનગર સિંધી સમાજ ના હોદેદારો, કારોબારી, તેમજ સમાજ ની સર્વે સંસ્થાઓ, મંડળીઓ ના હોદેદારો તેમજ સર્વે ભાઈઓ બહેનો વડીલો યુવાનો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. આ મુદ્દે સમાજ ના સર્વે એ સમાજ ના હોદેદારો ને આગામી ભવિષ્ય માં સમાજ અંગે ના કાર્ય માં હરહંમેશ સમાજ માટે જાગૃતતા થી હાજર રહીશું. મારો સમાજ મારી ફરજ ના સૂત્ર ને સાર્થક કરીશું.

# જામનગરમાં લૂંટના આરોપીઓનો જેલમાંથી કબજો લેવાયો





**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરમાં સમર્પણ સર્કલ નજીક રહેતા કરશનભાઈ ચંદુભાઈ ઝાલા પોતાની નોકરી પૂરી કરી પોતાનું મોટરસાઈકલ લઈ ઘરે જતા હતા, તે દરમ્યાન તેને માર મારી છરી બતાવી તેના ખિસ્સામાં રહેલ ૧૫૦૦ ની રોકડ રકમ તથા સોનાનો પેન્ડલ વાળો ચેન લૂંટી લઈ નાશી જતાં બન્ને અજાણ્યા માણસો વિરૂધ્ધ જામનગર રેલ્વે પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. આ ગુન્હાને અંજામ આપનાર આમીનભાઈ ઉર્ફે નવાજ રફીકભાઈ ચાવડા (રહે. શાક માર્કેટ પાછળ, વાઘેરવાડો, જામનગર) અને હમદભાઈ ઉર્ફે અબાડો રફીકભાજી કથીરી (રહે. મોરકંડા રોડ, ગરીબનવાજ સોસાયટી, જામનગર) ની પોલીસે અટકાયત કરી લીધી હતી.જ્યારે તેઓના કબ્જા માંથી લૂટ કરી મેળવેલ સોનાના દાગીના, રોકડ રૂપીયા તથા ગુનો કરવામાં ઉપયોગ કરેલ મોબાઈલ ફોન, છરી તથા જીજે-૧૦-ડીબી- ૫૬૦૦ નંબરનું એકસેસ સ્કૂટર મળી કુલ રૂા.૧,૫૨,૦૫૦ ની માલમતા કબજે કરી હતી, અને બંને આરોપીઓને જેલ હવાલે કરાયા હતા. દરમિયાન સિટી બી. ડિવિઝનના પોલીસ સ્ટાફે બંને આરોપીઓનો જામનગરની અદાલતમાંથી ટ્રાન્સફર વોરંટના આધારે કબજો મેળવ્યો છે, અને જામનગર શહેર વિભાગના મામલતદાર સમક્ષ ફરિયાદી સામે ઓળખ પરેડ કરાવવા માટેની કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે.

# જામનગરમાં વિનાયક પાર્કમાં જાહેરમાં જુગાર રમી રહેલા પાંચ સ્ત્રી-પુરુષો પકડાયા

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરમાં વિનાયક પાર્ક સોસાયટીમાં પોલીસે જુગાર અંગે દરોડો પાડ્યો હતો, અને ગંજીપાના વડે જુગાર રમી રહેલી કટલેરીની વેપારી મહિલા ઉપરાંત એક કારખાનેદાર અને એક રીક્ષા ડ્રાઈવર સહિત પાંચ-સ્ત્રી પુરુષોની પોલીસે અટકાયત કરી લઈ રોકડ રકમ તેમજ જુગારનો સામાન કબજે કર્યો છે.જામનગરના સીટી એ. ડિવિઝનના પોલીસ સ્ટાફે વિનાયક પાર્કમાં જુગાર અંગેનો દરોડો પાડયો હતો, અને જાહેરમાં જુગાર રમી રહેલી કટલેરીની વેપારી મહિલા નયનાબેન રાજેશભાઈ બુધ્ધ (જાતે કંસારા), ઉપરાંત સવિતાબેન માલદેભાઈ નંદાણીયા (આહિર), ઝલકબેન નિલેશભાઈ લીંબાસીયા (પટેલ), ઉપરાંત કારખાનેદાર જીગ્નેશ ગંગદાસભાઈ કપુરીયા અને રીક્ષા ચાલક સુભાષ નારણભાઈ મકવાણાની પોલીસે અટકાયત કરી લઈ તેઓ પાસેથી રૂપિયા ૧૭,૩૦૦ ની રોકડ રકમ અને જુગારનો સામાન કબજે કર્યો છે.

# જામનગર હાલારની ૨૪૬ ગ્રા.પં.માં સરપંચરાજ

**મુખ્ય સમાચાર, જામનગર**



જામનગર હાલારની ૨૪૬ ગ્રામ પંચાયતની સામાન્ય ચૂંટણીની મત ગણતરી પૂર્ણ થતાં વિજેતા જાહેર થયા છે. આથી ગ્રામ પંચાયતમાં વહીવટદારના શાસનનો અંત આવ્યો છે અને સરપંચ રાજ શરૂ થયું છે. ગ્રામ પંચાયતોની ચૂંટણીની મત ગણતરી સરપંચ અને સભ્ય પદના વિજેતા ઉમેદવારના નામ જાહેર થતાં નવા સુકાનીની ટર્મ શરૂ થઇ છે. સરપંચ અને સભ્ય પદના વિજેતા ઉમેદવારોની જીત પાછળ જ્ઞાતિવાદ, સગાવાદ અને પરિવારવાદ મુખ્ય કારણ રહ્યા છે, જ્યારે રાજકીય પક્ષોની અસર ઓછી રહી હોવાનું રાજકીય ક્ષેત્રના તજજ્ઞોએ જણાવ્યું છે.ગ્રામ પંચાયતની ચૂંટણીમાં બેલેટ પેપરથી મતદાન થયું હોય, મત ગણતરીમાં લાંબો સમય થતાં રાતભર ચાલી હતી. જો કે મત ગણતરી પૂર્ણ થતાં જામનગર જિલ્લાની ૧૮૧ અને દેવભૂમિ દ્વારકા જિલ્લાની ૬૫ ગ્રામ પંચાયતને નવા સુકાની મળ્યા છે.જામનગર તાલુકાની ગ્રામ પંચાયતોની મત ગણતરી શહેરની ડીકેવી કોલેજ ખાતે, કાલાવડમાં જેપીએસ સ્કૂલમાં, લાલપુરમાં સરકારી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, જામજોધપુરમાં એવીડીએસ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, ધ્રોલમાં હરધ્રોળ હાઇસ્કૂલ અને જોડિયામાં આઇટીઆઇ ખાતે, દેવભુમિ દ્વારકા જિલ્લામાં ખંભાળીયામાં જીવીજે હાઇસ્કુલ, ભાણવડમાં સરકારી વિનયન કોલેજ, કલ્યાણપુરમાં સરકારી વિનયન કોલેજ અને દ્વારકામાં એમડીએચ હાઇસ્કુલ ખાતે મત ગણતરી પોલીસના ચુસ્ત બંદોબસ્ત વચ્ચે પૂર્ણ થઇ હતી. મત ગણતરી દરમ્યાન જામનગરમાં ડીકેવી કોલેજ ખાતે જિલ્લા કલેકટર કેતન ઠક્કર અને જિલ્લા પોલીસ વડા પ્રેમસુખ ડેલુએ કામગીરીનું નિરીક્ષણ કર્યું હતું.મત ગણતરીના અંતે જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લાના સરપંચ અને સભ્ય પદના મળી કુલ ૭૨૮ વિજેતા ઉમેદવારના નામ જાહેર કરવામાં આવ્યા હતા.ગ્રામ પંચાયતની ચૂંટણીમાં બેલેટ પેપરથી મતદાન થયું હતું, જેની ગણતરીમાં વધુ સમય લાગતા આખી રાત મત ગણતરી ચાલી હતી. જામનગર જિલ્લાની ૧૮૧ અને દેવભૂમિ દ્વારકા જિલ્લાની ૬૫ સામાન્ય ગ્રામ પંચાયતની ચૂંટણીની મત ગણતરી પૂર્ણ થતાં આ ગ્રામ પંચાયતોને નવા સરપંચ મળતા વહીવટદારના શાસનનો અંત આવ્યો છે.

# મયુરનગરમાં પતિને વિડિયોકોલ કરી પત્નીએ ફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું

### આપઘાત કારણ અકબંધ; પાંચ સંતાનોએ માતાની છત્રછાયા ગુમાવતા પરિવારમાં કલ્પાંત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના ચુનારાવાડ વિસ્તારમાં રહેતી મહિલાએ કામે ગયેલા પતિને વિડિયો કોલ કરી બાદમાં ગળેફાંસો ખાઈ આપઘાત કરી લેતાં પરિવારમાં ગમગીની છવાઈ જવા પામી છે.

આ અંગેની જાણવા મળતી વિગત મુજબ, ચુનારાવાડ વિસ્તારમાં રાજમોતી મીલ પાસે રહેતા કુંદનબેન કિશોરભાઈ ફતેપરા (ઉ.૩૯) નામના મહિલાએ સવારે પોતાના ઘરે ગળેફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. બનાવની જાણ થતાં થોરાળા પોલીસ મથકનો સ્ટાફ ઘટના સ્થળે દોડી ગયો હતો. પ્રાથમિક તપાસમાં મૃતક કુંદનબેનના લગ્ન ૨૨ વર્ષ પહેલા થયા હોવાનુ અને તેમને સંતાનમાં એક પુત્ર અને ચાર પુત્રી હોવાનું જાણવા મળ્યું છે. તેનો પતિ ઈમિટેશનના કારખાનામાં કામ કરતો હોય સવારે પિત કારખાને ગયા બાદ કુંદનબેને પતિને વિડિયો કોલ કરી આપઘાત કરતાં હોવાનું જણાવતાં પતિએ તેના મિત્રને તાત્કાલીક ઘરે પહોંચવાનું કહી તેઓ પણ ઘરે આવવા નીકળ્યા હતાં. જો કે તેઓ પહોંચે તે પહેલા જ પત્નીએ આપઘાત કરી લીધો હતો. પોલીસે જરૂરી કાર્યવાહી કરી મૃતદેહને પીએમ અર્થે સિવિલ હોસ્પિટલ ખસેડી આપઘાતનું કારણ જાણવા વધુ તપાસ હાથ ધરી છે. આ બનાવથી પાંચ સંતાનોએ માતાની છત્રછાયા ગુમાવી દેતાં પરિવારમાં શોકની લાગણી છવાઈ જવા પામી છે.

# રાજકોટના વેપારીની લોધિકા સ્થિત ફેકટરીમાં તસ્કરો ત્રાટકયાઃ ૫.૫૦ લાખ રોકડની ચોરી

### તસ્કર ત્રિપુટી સીસીટીવીમાં કેદ; ચોરીનો ભેદ ઉકેલવા પોલીસ તપાસનો ધમધમાટ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

કુવાડવા રોડ પર શ્રીનાથ પાર્કમાં રહેતા અને લોધિકાના દેવડા ગામે ભાગીદારીમાં કામધેનુ પોલી પ્લાસ્ટના નામે પીવીસી પાઈપ અને ફીટીંગનું કારખાનુ ધરાવતા સુરેશભાઈ શિવજીભાઈ મારકણા (ઉ.વ.૪૮)ના કારખાનામાં બીજા માળે આવેલ તેના ભાગીદાર પંકજભાઈની ઓફિસમાંથી ત્રણ અજાણ્યા તસ્કરો માત્ર ૩૦ મીનીટની અંદર રૂ.૫.૫૦ લાખ રોકડ ભરેલી બેગ ચોરી ગયાની મેટોડા જીઆઈડીસી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ છે.

સુરેશભાઈએ પોલીસને જણાવ્યું કે તે ઉપરાંત કારખાનામાં છ ભાગીદાર છે. ભાગીદારો સવારના નવ વાગ્યે આવી ગયા બાદ સાંજે ૬-૩૦ થી ૭ વચ્ચે પરત જતાં હતાં. કંપની બે શીફટમાં ૨૪ કલાક ચાલે છે. જેમાં આશરે ૪૦ જેટલા શ્રમિકો કામ કરે છે. ગઈ તા.૨૪ના તે ઘરે હતા ત્યારે તેની કંપનીના રસોયા સુરેશભાઈ સોલંકીએ કોલ કરી આપણા રસોડાના દરવાજાના લોક કોઈએ તોડેલા છે. તેમ કહેતા તેને તેના ભત્રીજા મહેશભાઈ કે જે છે ઓફિસના રેસ્ટરૂમમાં સુતા હતા તેને કોલ કરી જોવા જવાનું કહ્યું હતું. તેણે બહાર નીકળીને ત્યાં જોતા ઓફિસના દરવાજા પણ તુટેલા હોવાનું પહોવાનું દેખાતા તેણે પરત કોલ કરી જાણ કરી હતી. આથી તે અન્ય ભાગીદારોને કોલ કરી કંપનીએ પહોંચ્યા હતા.

જ્યાં કંપનીમાં રહેતા શ્રમિકોની ઓરડીએ લોકોને અવર-જવર કરવા રાખેલા નાના દરવાજોનો લોક, ત્યાંથી આગળ, રસોડાના દરવાજાનો લોક અને ઉપરના માળે ઓફિસમાં જવા માટેનો દરવાજો તુટેલો જોવા મળ્યો હતો. એટલું જ નહીં બીજા માળે આવેલી તેના ભાગીદાર પંકજભાઈની ઓફિસના કાચના દરવાજાનો લોક પણ તુટેલો જોવા મળતાં તેની ઓફિસમાં તપાસ કરતાં ટેબલના ખાનામાં રાખેલ બેગ કે જેમાં રૂ.૫.૫૦ લાખની રોકડ હતી તે જોવા મળી ન હતી. આથી તેમણે કંપનીના સીસીટીવી ફૂટેજ ચેક કરતાં તા. ૨૩ના રાત્રે ૧.૧૫ થી ૧.૪૫ વાગ્યે દરમિયાન ત્રણ અજાણ્યા બુકાનીધારી તસ્કરો તાળા તોડી ઓફિસમાં ઘુસી રોકડ ભરેલી બેગ ચોરી ગયાનું દેખાતા ફરિયાદ નોંધાવી હતી.

# ઉનાના નાલીયા માંડવી ગામે કન્યા કેળવણી ઉત્સવ અને શાળા પ્રવેશોત્સવ ઉજવાયો

**મુખ્ય સમાચાર, ઉના**
**અહેવાલ - અબ્દુલ પઠાણ**



ગુજરાત રાજ્ય સરકારશ્રીના શિક્ષણ વિભાગ ૨૬ જુનના રોજ ગીર સોમનાથ જિલ્લાના ઉના તાલુકાના નાલીયા માંડવી ગામે પ્રાથમિક શાળામાં કન્યા કેળવણી ઉત્સવ અને શાળા પ્રવેશ ઉત્સવ યોજવામાં આવ્યો જેમાં મોટી સંખ્યામાં બાળકો ઉપસ્થિત રહ્યા હતા અને બાળકોને પ્રવેશ આપતા દફ્તર પાર્ટી પેન અને પુસ્તકો આપવામાં આવ્યા.

જેમાં મુખ્ય અતિથિ તરીકે ભવ્ય પોપટ સાહેબ તેમજ નલીયા માંડવી ગામના સરપંચ તેમજ સરપંચના પ્રતિનિધિ રફિકભાઈ સુમરા નાલીયા માંડવી ગામના તલાટી મંત્રી વિજયભાઈ ડોડીયા તેમજ પ્રિન્સિપલ તેમજ આચાર્ય તેમજ ગ્રામજનો બાળકોના વાલીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા અને કન્યા કેળવણી ઉત્સવ તેમજ શાળા પ્રવેશ ઉત્સવ ઉજવાયો છે.

# પુજીત રૂપાણી ટ્રસ્ટ દ્વારા આયોજીત કેમ્પમાં કાન-નાકના ૩૨૬ દર્દીનું નિદાન

### બહેરાશ ધરાવતા ૧૧૬ લોકોને શ્રવણયંત્ર અપાયાઃ નિષ્ણાંતો દ્વારા સારવારઃ સ્વ. વિજયભાઈને શ્રધ્ધાંજલી અપાઈ



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટવાસીઓનું ધડકતું હૃદય, સંવેદનાનું સરનામું, માનવતાનો મહાસાગર એટલે આ ટ્રસ્ટના ચેરમેન સ્વ. વિજયભાઈ રૂપાણી. તેમણે અનેકવિધ સેવાના પ્રકલ્પો આપી વટવૃક્ષ બનાવ્યું છે. સેવાઓ સતત ચાલુ રહેવી જોઈએ તેવું સ્પષ્ટપણે માનનાર સ્વ. વિજયભાઈ રૂપાણીને શ્રદ્ધાંજલિ-ભાવાંજલિ રૂપે પુજીત ટ્રસ્ટ તથા રોટરી ક્લબ ઓફ રાજકોટ મીડ ટાઉનના સંયુક્ત ઉપક્રમે વિનામૂલ્યે શ્રવણ યંત્ર વિતરણ અને કાન-નાક-ગળાના નિદાનનો એક કેમ્પ ભાવનગર રોડ પર છબઈ ઈસ્ટઝોનની ઓફિસ સામે આવેલ ટ્રસ્ટના ભવન કિલ્લોલ ખાતે યોજાઈ ગયો. કેમ્પ શરૂ કરતાં પહેલાં રાજકોટના પનોતા પુત્ર સ્વ. વિજયભાઈને બે મિનિટ મૌન પાળી શ્રદ્ધાંજલિ ભાવાંજલિ અર્પણ કરી તરત જ કેમ્પની કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી. યોજાયેલ આ કેમ્પમાં રાજકોટના નામાંકિત ડોક્ટરો સર્વ ડો. નિરવ મોદી, ડો.દર્શન ભટ્ટ, ડો. સેજલબેન ભટ્ટ, ડો.વૈભવ હાપલીયા, ડો.જુહી પરમાર વગેરેએ સેવાઓ આપી હતી. તેમજ રોટરી મીડ ટાઉન રાજકોટ તરફથી ડો.નિરંજનભાઈ, ડો. વિભાકરભાઈ વચ્છરાજાની, ડો.અનિમેશભાઈ ધ્રુવ, ડો.ગૌરવીબેન ધ્રુવ, ડો.કેતનભાઈ ઠક્કર, સંઘવીભાઈ વગેરે ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આજના આ કેમ્પમાં પધારેલ દરિદ્ર નારાયણોએ ભીની આંખે વિજયભાઈને ભાવાંજલિ આપી હતી. કેમ્પનો ઘણા દર્દીઓએ લાભ લીધો હતો. કેમ્પને યશસ્વી બનાવવા ટ્રસ્ટી અંજલીબેન રૂપાણી, મહેશભાઈ ભટ્ટ તથા અમીનેશભાઈ રૂપાણીના માર્ગદર્શન હેઠળ કમિટી મેમ્બર્સ ડો.જૈમનભાઈ ઉપાધ્યાય, ડો.નયનભાઈ શાહ, દિવ્યેશભાઈ અઘેરા, શૈલેષભાઈ લોટીયા ઉપરાંત ટ્રસ્ટના વહીવટી અધિકારી ભાવેનભાઈ ભટ્ટ, કાર્યકર્તાઓ જયસુખભાઈ ડાભી, રાજુભાઈ શેઠ, કે. બી. ગજેરા, હરેશભાઈ ચાચીયા, કિશોરભાઈ ગમારા, ઉમેશભાઈ કુંડલીયા, રંજનબેન જેઠવા, પ્રફુલભાઈ સંઘાણી, જગદીશભાઈ પંડયા, મહેશભાઈ પરમાર, જીજ્ઞેશભાઈ રત્નોતર નીરદભાઈ ભટ્ટ, એન જી પરમાર, કિશોરભાઈ ગાંગાણી, રવજીભાઈ દવેરા, પ્રવીણભાઈ ખોખર તથા કર્મચારીઓ સાગરભાઈ પાટીલ, શીતલબા ઝાલા, ડો. સલોનીબેન ડોડીયા, ડો. નેન્સીબેન ડોબરીયા, ડો.જસ્મિતાબેન ચાવડા, ડો.ચિંતનભાઈ જોશી, ડો.સ્વાતિ, જાનકીબેન રામાણી, રાજુભાઈ ભટ્ટ, પ્રીતિબેન મહેતા, ધાનીબેન મકવાણા, હેતલબેન પરમાર, દિશાબેન સાગઠીયા, વર્ષાબેન મકવાણા, પ્રવીણભાઈ, અનિલભાઈ ચાવડા, કાંતિભાઈ નિરંજની, નયનાબેન ડાભી, સકીનાબેન અજમેરી વગેરેએ જહેમત ઉઠાવી કેમપને સફળ બનાવ્યો હતો.

# શાપર-વેરાવળના પારડીમાં ઘરફોડ ચોરી કરનાર તસ્કર ઝડપાયો



### ૧૭ દિવસ પૂર્વે મકાનમાં થયેલી બે લાખની ચોરીનો ભેદ ઉકેલાયો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શાપર-વેરાવળ પોલીસે બે લાખની ઘરફોડ ચોરીનો ભેદ ઉકેલી ચોરી કરનાર શખ્સને ઝડપી લીધો હતો. મળતી વિગતો મુજબ ગત તા. ૧૬/૦૫ ના રોજ શાપર(વે) પોલીસ સ્ટેશન વિસ્તારમા પારડી શ્રીજીવાટીકા સોસાયટી માથી ફરીયાદી ના ઘરમા દિવાલ ટપી ગેર કાયદેસર રીતે અંદર પ્રવેશી કબાટમાં રાખેલ રોડકા રૂપીય ૨,૦૦,૦૦૦/-તથા જુના ચાંદીના સીક્કા ની ચોરી કરી લઈ ગયેલ હોય જે અંગે શાપર વેરાવળ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ થતા પોલીસ અધિક્ષક હિમકરસિંહ મિલ્કત સંબધી વણશોધાયેલ (અનડીટેકટ) ગુનાઓ શોધી કાઢી કાયદેસરની કાર્યવાહી કરવા સુચના કરેલ હોય જે અનુસંધાને નાયબ પોલીસ અધિક્ષક ગોડલ કે.જી.ઝાલા ના માર્ગદર્શન હેઠળ શાપર(વે) પો.સ્ટેના પો.ઈન્સ આર.બી.રાણા ની રાહબરી સ્ટાફ પોસ્ટે વિસ્તારમા પેટ્રોલીગ મા હતા તે દરમ્યાન શંકાસ્પદ હાલતમાં નીકળેલ. તુષાર ઉર્ફે ગાંડો ઉર્ફે બાપુડી જગદીશભાઈ દાફડા, ઉ.વ. ૧૮, રહે. હાલ રાજકોટ કોઠારીયા ગામ સરકારી નિશાળની બાજુમાં શેરી નં. ૪ તા.જી. રાજકોટની પુછ્તાછ કરતા તેણે ચોરી કર્યાની કબુલાત આપતા તેના કબ્જમાંથી એક સ્પલેન્ડર પ્લસ મોટર સાયકલ કબ્જે કરી ધરપકડ કરાઈ હતી. કી.રૂ.૩૦,૦૦૦ તથા રોકડા રૂપીયા ૩૦,૦૦૦ આ કામગીરી શાપર વેરાવળ પો.સ્ટે.ના પો.ઈન્સ આર.બી. રાણા, પો.હેડ.કોન્સ. જયદીપસિંહ વાઘેલા, પો.કોન્સ લગધીરસિંહ જાડેજા, અલ્પેશભાઈ ડામસીયા, દીવ્યેશભાઈ શામળા તથા વિમલભાઈ વેકરીયા તથા જગસીભાઈ ઝાલા તથા મનસુખભાઈ ચૌહાણ દ્વારા કરવામાં આવી હતી.

# રામનાથ મંદિર આસપાસ સફાઈ હાથ ધરાશે ઘટના સ્થળે પદાધિકારીઓની મુલાકાત

### સફાઈ અંગે સમીક્ષા કરાઈ મેયર, ડે.મેયર, સ્ટેન્ડીંગ કમીટી ચેરમેન સહીતનાની ઉપસ્થિતિ



**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના વર્ષો જુના પૌરાણીક અને પવિત્ર સ્વયંભુશ્રી રામનાથ મહાદેવ મંદિર ખાતે રાજકોટ મહાનગરપાલિકાના પદાધિકારીઓ દ્વારા અગાઉ ડિસેમ્બર ૨૦૨૩ દરમ્યાન સ્થળ મુલાકાત લઇ સદરહુ સ્થળ આસપાસ તાત્કાલિક ધોરણે સફાઈ ઝુંબેશ હાથ ધરવા લગત અધિકારીઓને સુચના આપેલ.સાથોસાથ લાખો લોકોની શ્રધ્ધા જોડાયેલ હોય તેવા આ સ્થળની પવિત્રતા જળવાય તે માટે સમયાંતરે નિયમિતપણે સઘન સફાઈ કરવા પણ સુચના આપેલ હતી. આજરોજ સદરહુ સ્થળની સ્વચ્છતાનું નિરીક્ષણ કરવા મેયર નયનાબેન પેઢડીયા, ડેપ્યુટી મેયર નરેન્દ્રસિંહ જાડેજા, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમીનભાઈ ઠાકર, શાસક પક્ષ નેતા લીલુબેન જાદવ, શાસક પક્ષ દંડક મનીષભાઈ રાડીયા સહિતના પદાધિકારીઓ તથા વોર્ડ નં.૭ના કોર્પોરેટરઓ દેવાંગભાઈ માંકડ, વર્ષાબેન પાંધી તેમજ જયશ્રીબેન ચાવડા મુલાકાત લેવામાં આવેલ. આ સમયે સબંધકર્તા અધિકારીઓ આસીસ્ટન્ટ કમિશનર એસ.જે. ધડૂક, સીટી એન્જીનીયર (સેન્ટ્રલ ઝોન) અતુલભાઈ રાવલ, પર્યાવરણ ઈજનેર પ્રજેશભાઈ સોલંકી, આરોગ્ય અધિકારી જે. એલ. વંકાણી, સીટી એન્જીનીયર (રોશની) બી.ડી. જીવાણી, સહિતના અધિકારીઓ તથા સબંધકર્તા વિભાગના કર્મચારીઓને સાથે રાખી જોઈન્ટ વિઝીટ કરવામાં આવેલ હતી.

જે દરમ્યાન સ્થળ તથા આસપાસના વિસ્તારની સફાઈ વ્યવસ્થા તેમજ ચોમાસાની ઋતુને અનુલક્ષીને જરૂરી બાબતો અંગે સમિક્ષા કરવામાં આવેલ હતી. સાથોસાથ ચોમાસા દરમ્યાન પાણી ભરાવા સમયે પણ ઉક્ત સ્થળે સુચારૂ વ્યવસ્થા જળવાઈ રહે અને આ પવિત્ર સ્થળની મુલાકાતે આવનાર શ્રધ્ધાળુઓની સુરૂચિ ભંગ ન થાય તે સુનિશ્ચિત કરવા જરૂરી વ્યવસ્થા જળવાઈ રહે તે માટે સુચના આપેલ. આ સમયે ભાજપ અગ્રણી જીતુભાઈ મહેતા,સંદિપભાઈ ડોડીયા તેમજ સ્થાનિકો પણ ઉપસ્થિત રહેલ. આ સ્થળે જરૂરી સ્વચ્છતા જળવાઈ રહે તે સહિતની વ્યવસ્થા અંગે આગામી સમયમાં પણ પદાધિકારીઓ દ્વારા સમયાંતરે સમીક્ષા કરવામાં આવશે તેમ જણાવ્યું હતું.

# જ્ઞાન યાત્રાનો શુભારંભઃ ધારાસભ્ય ડો. મહેન્દ્રભાઈ પાડલિયાના અધ્યક્ષસ્થાને ઉપલેટા ખાતે યોજાયેલો શાળા પ્રવેશોત્સવનો કાર્યક્રમ

### આંગણવાડી, બાલવાટિકા, ધો. ૧, ૯ અને ૧૧માં વિદ્યાર્થીઓનો ઉમંગભેર પ્રવેશ કરાવાયો તેજસ્વી તારલાઓને સન્માનિત કરાયા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ધારાસભ્ય ડો. મહેન્દ્રભાઈ પાડલિયાના અધ્યક્ષસ્થાને ઉપલેટાના ટાઉનહોલ ખાતે નગરપાલિકા સંચાલિત સાત શાળાઓ તથા મધુબેન દેસાઈ પી.એમ. શાળા, શેઠ ટી.જે. કન્યા વિદ્યાલય તથા મ્યુનિસિપલ વિવિધલક્ષી વિનય મંદિર બોયઝ હાઈસ્કુલ ખાતે કન્યા કેળવણી ઉત્સવ તથા શાળા પ્રવેશોત્સવ યોજાયા હતા. જેમાં આંગણવાડી, બાલવાટિકા, ધો- ૧, ૯ અને ૧૧માં બાળકોનો ઉમંગભેર શાળા પ્રવેશ કરાવાયો હતો.

આ તકે ડો. મહેન્દ્રભાઈ પાડલિયાએ કહ્યું હતું કે, ગુજરાત શિક્ષણ ક્ષેત્રે આગળ વધે અને પ્રથમ હરોળમાં આવે તે માટે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતના મુખ્યમંત્રીકાળ દરમ્યાન શિક્ષણ ક્ષેત્રે ક્રાંતિ કરી કન્યા કેળવણી કાર્યક્રમ દ્વારા તેમણે દીકરીઓને શિક્ષણ તરફ પ્રેરિત કરી તો શાળા પ્રવેશોત્સવ દ્વારા એક પણ બાળક શિક્ષણ વગરનું ન રહે તે સુનિશ્ચિત કર્યું. પ્રધાનમંત્રીએ મેરિટ આધારિત શિક્ષકોની ભરતી, તેમના પગાર ધોરણમાં સુધારો, શાળાઓને માળખાકીય સુવિધાસભર બનાવી. આ ત્રણ પાયા મજબૂત થતાં ગુજરાત શિક્ષણ ક્ષેત્રે અગ્રીમ હરોળમાં આવ્યું. રાજ્યમાં શિક્ષણનું સ્તર ઊંચું લાવવા માટે કરેલ ભગીરથ પ્રયાસોમા વર્તમાન મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલની સરકાર પણ યોગદાન આપી રહી છે. આજે રાજ્યમાં ડ્રોપ આઉટ રેશિયો ખૂબ નીચો આવી ગયો છે, દીકરીઓ શિક્ષણમાં ૧૦૦% પ્રવેશ મેળવી નવા શિખરો સર કરી રહી છે.આજે નમો સરસ્વતી, નમો લક્ષ્મી યોજના દ્વારા બાળકોને ઉચ્ચ શિક્ષણમા સહાયક બની ઉડવા માટે નવી પાંખો આપવામાં આવી છે.

પાડલિયાએ આ તકે શાળામાં પ્રવેશ લેનારા બાળકોને ઉજ્જવળ ભવિષ્યની શુભકામનાઓ પાઠવી હતી. આ સાથે તેમણે ઉમેર્યું હતું કે, સમાજ અને સરકારના સહકારથી ઉજજવળ ભવિષ્યનું નિર્માણ થશે. આ સાથે તેમણે સૌ માતા પિતા પોતાના બાળકોને સારું શિક્ષણ અપાવવા સહકાર આપે તેમ અનુરોધ કર્યો હતો.

પ્રવેશોત્સવ પ્રસંગે આંગણવાડીમાં ૧૬૧ બાળકો, બાલવાટિકામાં કુલ ૧૨૨ બાળકો, સીધા ધોરણ ૧માં કુલ ૧૫, ઉચ્ચ શિક્ષણમાં ધો.૯માં ૧૭૮, ધો.૧૧માં ૧૬૩ બાળકોનો પ્રવેશ કરાવાયો હતો.

આ તકે મહાનુભાવો દ્વારા શાળાના બાળકોને શિક્ષણ કીટ અને આંગણવાડીના બાળકોને શિક્ષણ કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. સાથે જ શાળાઓના ધો. ૧ થી ૮ના તેજસ્વી વિદ્યાર્થીઓને અને દાતાઓને સન્માનિત કરવામાં આવ્યા હતા. મહાનુભાવોએ વૃક્ષારોપણ કરી બાળકોને સામાજિક વનીકરણમાં સહકાર આપવા અનુરોધ કર્યો હતો.

આ પ્રસંગે પશુપાલન વિભાગના નાયબ નિયામક એ.કે.કટારા, ઉપલેટા નગરપાલિકાના પ્રમુખ હર્ષાબેન ગજેરા, ચીફ ઓફિસર નીલમબેન ઘેટીયા, જિલ્લા પંચાયત સદસ્ય જયંતીભાઈ બરોચીયા, વિવિધ શાળાના આચાર્યાઓ, શિક્ષકગણ, વિદ્યાર્થીઓ અને વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# એજી ઓફિસના સીનીયર એકાઉન્ટન્ટને સ્ત્રીમીત્ર અને તેના પતિએ ધોકાવી કરી ફરજરૂકાવટ

### એજીના કવોર્ટરમાં અગાઉ પાડોશમાં રહેતી શિક્ષિકા સાથે મીત્રતા બંધાઈતીઃ ૫૦ હજાર ઉછીના આપેલા પરત માંગતા ૨૦૧૧માં એકાઉન્ટન્ટ સામે છેડતીની ફરીયાદ કરી, કોર્ટે બે વર્ષની સજા ફટકારી'તીઃ પીછો કરવાના બહાને ઓફિસમાં આવી દંપત્તીએ કરી તોડફોડ



**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના રેસકોર્ષ રોડ પર આવેલ એજી ઓફિસમાં ગઈકાલે જુના પ્રેમ પ્રકરણમાં બબાલ સર્જાઇ હતી. પૂર્વ સ્ત્રી મીત્ર અને તેના પતિએ એજી ઓફિસમાં નોકરી કરતા સીનીયર એકાઉન્ટને માર મારી ટેબલના કાચ તોડી નાખી ફરજમાં રૂકાવટ કર્યાની ફરીયાદ એ.ડિવિઝન પોલીસમાં નોંધાતા ભારે ચકચાર મચી જવા પામી છે.

આ અંગેની પોલીસ સુત્રોમાંથી મળતી માહિતી મુજબ સાધુવાસવાણી કુંજ રોડ રેલનગરમાં આવેલ મહાદેવ પાર્કમાં રહેતા અને જીલ્લા પંચાયત પાસે રેસકોર્ષની સામે આવેલ એકાઉન્ટ જનરલ (એજી) ઓફિસમાં સીનીયર એકાઉન્ટ તરીકે ફરજ બજાવતા ગીરીશભાઇ ત્રીભુવનદાશ રામાનુજ (ઉ.વ.૫૦) નામના બાવાજી પ્રૌઢે એ-ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી છે કે ૨૦૧૧ની શાલમાં પોતે યુર્નિવર્સિટી રોડ પર એજી સ્ટાફના કવોર્ટરમાં રહેતા હોય ત્યાં પાડોશમાં પુષ્કરધામમાં રહેતા અને સ્કૂલ ટીચર તરીકે નોકરી કરતા દિવ્યાબેન ભગવતીપ્રસાદ દવે સાથે મીત્રતા બંધાઇ હતી. મીત્રતાના દાવે તેણે દિવ્યાબેનને મકાન ખરીદવા માટે ૫૦ હજાર ઉછીના આપ્યા હોય જે રકમ પરત માંગતા બન્ને વચ્ચે બોલાચાલી થતા દિવ્યાબેને ૨૦૧૧ની શાલમાં તેના પર છેડતીનો કેસ કર્યો હતો અને આ કેસ કોર્ટમાં ચાલતો હોય ૨૦૧૮માં કોર્ટે બે વર્ષની સજા ફટકારી હતી. ત્યારબાદ સેશન કોર્ટમાં અપીલ કરાતા આ કેસ હાલ કોર્ટમાં ચાલુ છે.

ગઇકાલે સાંજના ૫:૩૦ વાગ્યે હુ એજી ઓફિસમાં મારા ટેબલ પર બેઠો હતો ત્યારે મારા પૂર્વ સ્ત્રી મીત્ર દિવ્યાબેન ભગવતી પ્રસાદ દવે અને તેમના પતિ રાજનભાઇ ઓઝા ત્યાં આવી રાજનભાઇએ કહેલ કે તું મારી પત્નીની પાછળ કેમ આવે છે તેમ કહી મને જેમફાવે તેમ ગાળો ભાંડી સ્ટીલની બોટલ વડે છૂટા ઘા કરી મને ઈજા કરી મારા ટેબલના કાચ તોડી નાખી અને તેની પત્ની દિવ્યાબેને જપ્પા જપ્પી કરી માર મારી મને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી અને મારી કાયદેસરની ફરજમાં રૂકાવટ કરી હતી. આ ઘટનાના પગલે સીનીયર એકાઉન્ટ ગીરીશભાઇ રામાનુજે એ-ડિવિઝન પોલીસમાં પૂર્વ સ્ત્રી મીત્ર દિવ્યાબેન દવે અને તેમના પતિ રાજન ઓઝા વિરૂધ્ધ મારામારી અને ફરજ રૂકાવટની ફરીયાદ નોંધાવતા પીએસઆઇ કે.એમ.વડનગરાએ ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# આર.ટી.ઓ. દ્વારા હેવી વ્હીકલ્સ માટે નવી જી.જે.03 બી.ઝેડ. તથા 03 સી.યુ. સિરીઝનું રી-ઓક્શન કરાશે

### ગોલ્ડન-સિલ્વર નંબર મેળવવા ઈચ્છુક વાહનધારકોએ અરજીઓ કરવાની રહેશે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

પ્રાદેશિક વાહનવ્યવહાર કચેરી- રાજકોટ દ્વારા હેવી ગુડ્સ વ્હીકલ્સ, ટ્રાન્સપોર્ટ વાહનો માટે જી.જે. ૦૩ બી.ઝેડ તથા જી.જે. ૦૩ સી.યુ. સિરીઝની રી-ઓક્શનની પ્રક્રિયા બીજી જુલાઈથી શરૂ કરવામાં આવશે. આર.ટી.ઓ.ની યાદીમાં જણાવાયું છે કે, આ સિરીઝ માટે ગોલ્ડન-સિલ્વર નંબર મેળવવા ઈચ્છુક વાહનચાલકો તેમના વાહનોનું parivahan.gov.in/fancy પર ઓનઆઈન રજિસ્ટ્રેશન કરીને રી-ઓક્શનમાં ભાગ લઈ શકશે.

નવી સિરીઝના ગોલ્ડન, સિલ્વર કે અન્ય પસંદગીના નંબર મેળવવા માટે તા. ૨થી ૬ જુલાઈ સુધીમાં ઓનલાઈન અરજી કરવાની રહેશે. તેમજ તા. ૬થી ૮ જુલાઈની સાંજે ચાર કલાક સુધીમાં ઓનલાઈન ઓક્શનમાં બિડિંગ પ્રક્રિયા પૂર્ણ થયા બાદ, તા.૯ જુલાઈના રોજ કચેરીમાં ફોર્મ જમા કરાવવાના રહેશે. વાહનોનું રજિસ્ટ્રેશન કરાવેલું હોવું જરૂરી છે.

વાહન વેચાણ તારીખથી સાત દિવસની અંદર સી.એન.એ. ફોર્મ ઓનલાઈન ભરેલું હોવું ફરજિયાત છે. સમયમર્યાદા બહારની અરજી ધ્યાને લેવાશે નહીં તેમ યાદીમાં જણાવાયું છે.

# રાજકોટ જિલ્લામાં સાંજે સાત સુધીમાં વરસાદી રેલએલર્ટ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ જિલ્લામાં આજે સાંજે ૪થી ૭ સુધીમાં હળવા વાવાઝોડા સાથે ભારે વરસાદ પડવાની આગાહી સાથે વરસાદી રેડએલર્ટ ભારતીય હવામાન વિભાગ દ્વારા જાહેર કરવામાં આવ્યું છે.

દરમિયાન પવનની ગતિ ૪૧થી ૬૧ કિ.મી. પ્રતિકલાક અને ગાજવીજની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે.

# જંતુનાશક અવશેષોથી બચો પાકપેદાશ અને પર્યાવરણને સુરક્ષિત રાખવા જરૂરી પગલાં

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજ્ય સરકાર ખેડૂતોનો વિકાસ થાય તે માટે સતત કાર્યરત છે. હાલના સમયમાં પ્રાકૃતિક કૃષિનું મહત્વ સમજીને ખેડૂતો એ તરફ વળી રહ્યા છે. ત્યારે અગાઉ ખેતરમાં છાંટવામાં આવેલી જંતુનાશક દવાઓની અસરોને નિવારવા તથા નાબૂદ કરવા માટે જિલ્લા ખેતીવાડી અધિકારી, જિલ્લા પંચાયત, રાજકોટ દ્વારા જરૂરી સૂચનો જાહેર કરવામાં આવ્યા છે.

એવા જંતુનાશકો કે જેની વિઘટનની પ્રક્રિયા ધીમી હોય, લાંબા સમય સુધી વાતાવરણમાં જળવાઈ રહેતા હોય અથવા ચરબીમાં દ્રાવ્ય હોય અને જૈવિક વિસ્તૃતીકરણની પ્રક્રિયાથી શરીરમાં જમા થાય છે તેના ઉપયોગ પર સરકાર તરફથી પ્રતિબંધ મૂકવામાં આવે છે અથવા તો તેને નિયંત્રિત વપરાશ હેઠળ મૂકવામાં આવે છે. આવા જંતુનાશકોનો વપરાશ બિલકુલ કરવો જોઈએ નહિ.

પાક સંરક્ષણ રસાયણોની નોંધણી માટેની સંસ્થા દ્વારા જે તે પાક ઉપર જે તે રસાયણોની માત્રાની ભલામણ વિવિધ કૃષિ યુનિવર્સિટીઓ દ્વારા લેવામાં આવેલ પરીક્ષણોના પરિણામો દ્વારા નકકી કરવામાં આવે છે. આ ભલામણ કરેલી માત્રાનું ચુસ્તપણે પાલન કરવુ જોઈએ. વધુ પડતું પ્રમાણ અને વધુ પડતો છંટકાવ જીવાતમાં પ્રતિકારકતા કેળવતું હોઇ ખેડૂતોને વધારે પ્રમાણનો ઉપયોગ કરવાની ફરજ પડે છે, જે આર્થિક રીતે નુકસાનકારક છે, સાથેસાથે જે તે કૃષિ પેદાશોમાં જંતુનાશકોના અવશેષોની માત્રા વધારે છે.

ખેતીપાકો/ શાકભાજી/ ફળપાકો/ મસાલાપાકોમાં યુનિવર્સિટીની ભલામણ મુજબ જ જે તે પાકોના જે તે રોગ-જીવાત માટે જે દવાની ભલામણ કરેલ છે તેનો જ ઉપયોગ કરવો તથા સંકલિત જીવાત વ્યવસ્થાપનના પગલાં લેવા.

શાકભાજીને ઉપયોગમાં લેતાં પહેલાં સ્વચ્છ પાણીથી ધોવા જોઈએ કારણ કે શાકભાજીને સ્વચ્છ પાણીથી ધોવાથી જંતુનાશકોના અવશેષો ઓછા થાય છે. શાકભાજીને પાણીથી ધોવાથી અવશેષો ઓછા થવાનું પ્રમાણ ખરબચડી સપાટીવાળા કરતા સુંવાળી સપાટીવાળા શાકભાજીમાં વધુ હોય છે જયારે શોષક (સીસ્ટેમીક) પ્રકારની જંતુનાશકો કરતાં સ્પર્શક (કોન્ટેકટ) જંતુનાશકોમાં વધુ હોય છે. શાકભાજી ધોવા માટે સોડીયમ બાયકાર્બોનેટ (ખાવાનો સોડા)નો પણ ઉપયોગ કરી શકાય.

શાકભાજી, ફળ ફળાદી અને અનાજ વગેરેમાં જંતુનાશક રસાયણોની મહત્તમ અવશેષ માત્રા (એમ.આર.એલ) કેટલી હોવી જોઈએ તે ફૂડ એન્ડ એગ્રિકલ્ચર ઓર્ગેનાઈજેશન (એફ.એ.ઓ.) અને વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈજેશન (ડબલ્યુ. એચ.ઓ.) દ્વારા નક્કી કરવામાં આવે છે. અવશેષોની માત્રા એમ.આર.એલ. કરતા વધુ હોય તો તે નુકસાનકારક સાબિત થાય છે. તેથી વિવિધ ખેત પેદાશોમાં જુદા જુદા જંતુનાશકના છંટકાવ કરી છંટકાવ અને ઉતાર વચ્ચેનો સમયગાળો નકકી કરવામાં આવે છે. જેને વેઈટીંગ પીરીયડ કહે છે. આ વેઈટીંગ પીરીયડ પહેલાં ખેતપેદાશો ઉતારવા કે વીણી કરવી નહિ.

શકય હોય ત્યાં જલ્દીથી વિઘટન પામતા કૃષિ રસાયણો જેવા કે એમામેક્ટિન બન્ઝોએટ, સ્પિનોસાડ, ઈન્ડોકઝાકાર્બ અને નોવાલ્યૂરોન જેવા કૃષિ રસાયણોનો ઉપયોગ કરવો.

સંકલિત જીવાત વ્યવસ્થાપનનો ઉપયોગ કરવાથી જંતુનાશકોનો વપરાશ ઘટતા જંતુનાશકોના અવશેષોના પ્રશ્નો હળવા કરી શકાય છે. દા.ત. ઉનાળામાં ઊંડી ખેડ કરવાથી, જમીન તપવાથી કોશેટા, જીવાણુ તથા ફૂગનો નાશ થાય છે. જેથી જંતુનાશકોનો વપરાશ ઘટે છે. રોગ જીવાત પ્રતિકારક જાતોનો ઉપયોગ કરવાથી, વનસ્પતિયુકત જંતુનાશકો, પરજીવી અને પરભક્ષી કિટકો, એનપીવી., પ્રકાશ પિંજર, ફેરોમોન ટ્રેપ, ફળમાખી પિંજર, પીળા ચીકણા પિંજર, પિંજરપાક, કીટકભક્ષી પક્ષીઓને બેસવા માટેના બેલી- ખડા વગેરેનો ઉપયોગ કરી જંતુનાશકોનો વપરાશ ઘટાડી શકાય છે જેનાથી કૃષિપેદાશોમાં જંતુનાશકોના અવશેષોનું પ્રમાણ ઘટાડી શકાય છે.

જે તે પાક પર યોગ્ય જંતુનાશકનો છંટકાવ તેની ભલામણ કરેલ માત્રામાં જ તથા જીવાતની ક્ષમ્યમાત્રા ઓળંગ્યા બાદ જ કરવો.

ઘરમાં મચ્છર, માખી, વંદા, ઊધઈ, ઉંદર વગેરેના નિયંત્રણ માટે જંતુનાશકો વાપરતી વેળા યોગ્ય કાળજી લેવામાં ન આવે તો જંતુનાશકો અનાજ, પાણી, લોટ વગેરેમાં ભળી જાય છે અને તેના અવશેષો આપણા શરીરમાં પ્રવેશે છે. ઘરગથ્થુ જીવાતોનું નિયંત્રણ કરતી વખતે જંતુનાશકો છાંટયા પહેલાં પાણીના વાસણો, અનાજના પીપ, અનાજની ગુણો વગેરે કાપડ અથવા પ્લાસ્ટિકથી ઢાંકી દેવા જોઈએ. મકાનમાં ઊધઈ નિયંત્રણ માટે કલોરપાયરીફોસનો ઉપયોગ થાય છે પરંતુ આનુ વિઘટન જલદીથી થતું નથી. હાલમાં નિયોનીકોટીનોઈડ જૂથની ઈમીડાકલોપ્રીડ કીટકનાશક ઊધઈ નિયંત્રણ માટે અસરકારક અને દૂર્ગંધ વગરની છે અને અવશેષોના પ્રશ્ન ઓછા આવે છે.

જો અનાજમાં ભેજ વધુ હોય તો સૂર્ય પ્રકાશમાં અનાજ સુકવ્યા પછી જ તેના સંગ્રહ માટે હવાચૂસ્ત પીપનો ઉપયોગ કરવો કે જેથી કીટકો તેમાં પ્રવેશી શકે નહિ. આ ઉપરાંત ઘઉં જેવા અનાજને દિવેલનો પટ આપીને સંગ્રહ કરવામાં આવે તો કીટકોનો ઉપદ્રવ ઓછો કરી શકાય છે. બાજરી જેવા અનાજમાં રાખ અથવા લીમડાના પાન ભેળવવામાં આવે છે. આ બધી કાળજી રાખવા છતાં જો કીટકો પડે તો ધૂમકરનો ઉપયોગ કરવાથી તેના અવશેષો અનાજમાં આવશે નહિ.

શાકભાજીના પાકોમાં વીણી કર્યા પછી જ જંતુનાશકોનો છંટકાવ કરવો તથા ફળ પાકતી અવસ્થાએ જંતુનાશકોનો વપરાશ ટાળવાથી ઉપભોક્તા માટે જંતુનાશકોના અવશેષોના પ્રશ્નો નિવારી શકાય છે.

એકના એક જંતુનાશકોનો વારંવાર ઉપયોગ ન કરતાં જુદા જુદા જંતુનાશકોનો ઉપયોગ કરવો તથા એક જ જૂથના જંતુનાશકોનો ત્રણ થી વધારે છંટકાવ કરવો નહિ. આમ કરવાથી જીવાતોમાં જે તે જંતુનાશકો સામે પ્રતિકારક શકિત પેદા થશે નહિ તેના કારણે જંતુનાશકોનું પ્રમાણ વધારવાની જરૂર નહિ પડે અને અવશેષોના પ્રશ્નો ઘટશે.

વધુમાં દવાના વપરાશ વખતે દવા ઉપર આપવામાં આવેલ લેબલ મુજબ જે તે પાક માટે, આપવામાં આવેલ ડોઝ અને જે તે રોગ/ જીવાત માટેની દવા છે તે ભલામણ મુજબ અનુસરવા જણાવવામાં આવે છે.

આ અંગે વધુ જાણકારી માટે બતભતભત આપના વિસ્તારના ગ્રામસેવક /વિસ્તરણ અધિકારી/ ખેતી અધિકારી/ તાલુકા અમલીકરણ અધિકારી/ મદદનીશ ખેતી નિયામક/ જિલ્લા ખેતીવાડી અધિકારી / નાયબ ખેતી નિયામક (વિસ્તરણ)/નાયબ ખેતી નિયામક (તાલીમ) નો સંપર્ક કરવો.

# પી.ડી.માલવિયા કોલેજમાં "નશામુક્ત ભારત" અંગેનો સેમિનાર યોજાયો



### યુવાનો, વિદ્યા અને સ્પોર્ટ્સ તરફ આગળ વધો, નશા તરફ નહીં ડી.સી.પી.ડૉ.પાર્થરાજસિંહ ગોહિલ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ડિસ્ટ્રિક્ટ નશામુક્ત કેમ્પેઇન કમિટી અને પી.ડી.માલવિયા કોલેજના સંયુક્ત ઉપક્રમે પી.ડી.માલવિયા કોમર્સ કોલેજ ખાતે "આંતરરાષ્ટ્રીય માદક દ્રવ્ય નિષેધ દિવસ" અંતર્ગત સેમિનાર યોજાયો હતો.

ભારત સરકારના સામાજીક ન્યાય અને અધિકારિતા મંત્રાલય દ્વારા "આંતરરાષ્ટ્રીય ડ્રગના દુરૂપયોગ અને ગેરકાયદેસર તસ્કરી નિષેધ દિવસ"ની ઉજવણીના ભાગરૂપે નશામુક્ત ભારત અભિયાન હેઠળ વિવિધ પ્રવૃતિઓનું આયોજન કરવામાં આવે છે.

આ પ્રસંગે આયોજિત સેમિનારમાં ડી.સી.પી. ડૉ. પાર્થરાજસિંહ ગોહિલે ડ્રગ્સ શું છે? વ્યક્તિ, સમાજ અને દેશ પર તેની અસરો કેટલી ગંભીર હોય છે? તે વિશે વિસ્તૃત જાણકારી આપી વિદ્યાર્થીઓએ વિદ્યા અને સ્પોર્ટ્સ તરફ આગળ વધવુ જોઈએ, વ્યસન તરફ નહીં તેમ કહ્યું હતુ.

યુવાધન સશક્ત અને મજબૂત હશે તો જ સમાજ અને દેશ મજબૂત બનશે તેમ જણાવી ડી.સી.પી.શ્રીએ ડ્રગ્સની વૈશ્વિક સાયકલ અને તેના ફેલાવા અંગે માહિતગાર કરી દેશના શત્રુઓ યુવાધનને કઈ રીતે બરબાદ કરી શકે અને તેનાથી કઈ રીતે બચી શકાય તે અંગે વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપ્યું હતું.

કોલેજ આચાર્યશ્રી કમલેશ જાનીએ શાબ્દિક સ્વાગતમાં સંસ્થાની ઐતિહાસિક ઝલક આપી વિદ્યાર્થીઓને આગળની કારકિર્દીમાં વ્યસનમુક્ત હોવું કેટલું જરૂરી છે તેનું મહત્ત્વ સમજાવી નશાકારક પદાર્થોના સેવન બાદ બરબાદ થતા જીવન અંગે વિસ્તૃત જાણકારી આપી હતી.

બ્રહ્માકુમારીના કિંજલબહેને વ્યસનથી બરબાદ થતા લોકો સામાજિક અને માનસિક રીતે કઈ રીતે ભાંગી પડે અને પરિવારમાં થતી અસર વિશે ઉદાહરણ સાથે વિદ્યાર્થીઓને સમજાવ્યું હતું.

જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી ડો. પ્રાર્થનાબેન શેરસીયાએ નશામુક્ત ભારત અભિયાન અંગે વિસ્તૃત જાણકારી આપી હતી. નશાકારક પદાર્થો અને કેફી દ્રવ્યોનો દુરૂપયોગ અટકાવવા અને લોકોમાં જાગૃતિ ફેલાવી ડ્રગ્સના જોખમો અંગે શાળાઓ, કોલેજો, કાર્યસ્થળ, જાહેર જગ્યાઓ પર નશાબંધી અંગે નાગરિકોને જાગૃત કરવાના હેતુ અંગે માર્ગદર્શન આપ્યુ હતુ.

સેમિનારના અંતે ભારત સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલય દ્વારા નશામુક્ત ભારત અભિયાન કાર્યક્રમ અંતર્ગત તૈયાર કરાયેલ વીડિયો ક્લિપ નિહાળી ઉપસ્થિત સૌએ નશામુક્ત અંગેના શપથ લીધા હતા.

પી.ડી.એમ. કોલેજમાં યોજાયેલ સેમીનારમાં પોલીસ વિભાગ, એન.એસ.એસ., બ્રહ્માકુમારીઝ, સમાજ સુરક્ષાના અધિકારીઓ, કોલેજ સ્ટાફ અને મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યાં હતા.

# ગોંડલના આબંરડી અને જામકંડોરણામાં થયેલી ચોરીનો ભેદ ઉકેલાયોઃ તસ્કર ઝબ્બે





### પડધરીમાં પ્રૌઢ પર જીવલેણ હુમલો કરનાર બે શખ્સોની ધરપકડઃ ગોંડલમાં ચોરાઉ મોબાઇલ સાથે બેલડી ઝડપાઇ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગોંડલ તાલુકાના આમબરડી ગામે શ્રીજી પ્રોવિજન સ્ટોરમાં રોકડ રકમની ચોરી થઇ હોય અને જામકંડોરણા વિસ્તારમાં ઘરફોડ ચોરી કરનાર તસ્કરને ગ્રામ્ય એલસીબીની ટીમે દબોચી લઇ ચોરાઉ મુદ્દામાલ કબ્જે કર્યો છે. આ અંગેની માહિતી મુજબ ગોંડલના આમબરડી અને જામકંડોરણામાં ઘરફોડ ચોરીના બનેલા બનાવો અંગે સ્થાનિક પોલીસ તપાસ કરી રહી હોય ત્યારે ગ્રામ્પ એલસીબીના પીઆઇ વી.વી.ઓડેદરાની સુચનાથી પીએસઆઇ એસ.સી.ગોહિલ સહિતના સ્ટાફએ બાતમીદારોનું નેટવર્ક કામે લગાડયું હોય તે દરમ્યાન બનાવના સ્થળ નજીક બે બાઇકની શંકાસ્પદ અવરજવર અને જેમાંથી એક બાઇક નંબર જીજે૦૩એજી૬૦૩ હોવાનું સીસીટીવી ફૂટેઝમાં મળી આવતા પોલીસે ગોંડલના શેમડા ગામના પાટીયા પાસેથી નારણ ઉર્ફે નરેશ ધીરૂ ચારોલીયા (રહે. ગોંડલ આશાપુરા ચોકડી નદીકાંઠે)ને અટકાયતમાં લઇ આકરી પુછપરછ કરતા તેણે વિક્રમ ધિરૂ ચારોલીયા, રણજીત ધીરૂ ચારોલીયા, દેવચંદ ધીરૂ ચારોલીયા અને સાગર બાવ ઉર્ફે અશોક ચારોલીયાની સાથે મળી ગોંડલ તાલુકાના આમબરડી ગામે અને જામકંડોરણામાં ચોરી કરી હોવાની કબુલાત આપતા પોલીસે રોકડ અને બાઇક સહિત રૂ.૩૪ હજારનો મુદ્દામાલ કબ્જે કરી અન્ય શખ્સોની શોધખોળ શરૂ કરી છે.

બીજા બનાવમાં ગઇ તા.૪-૫-૨૦૨૫ના બપોરના ચાર વાગ્યે પડધરીના મોવૈયાના ઢોરે અજય કમલેશ મકવાણા, હિતેન સુરેશ મકવાણા (રહે. નવાગામ રાજકોટ) નામના બન્ને શખ્સોએ ગુન્હાહિત કાવતરૂ રચી કારમાં લોખંડના પાઇપ સાથે આવી પ્રૌઢ પર જીવલેણ હુમલો કરી ગંભીર ઇજા કરી નાસી ગયેલ હોય. આ ગુન્હામાં પડધરી પોલીસના પીઆઇ એસ.એન.પરમાર, પીએસઆઇ જે.જે.વાળા સહિતના સ્ટાફે અજય મકવાણા અને હિતેન મકવાણાની ધરપકડ કરી છે.

જયારે ગોંડલ સીટી પોલીસના હેડ કોન્સ. યુવરાજસિંહ તથા કોન્સ. ભાવેશભાઇ તથા હરેશભાઇ સહિતના સ્ટાફે પેટ્રોલિંગ દરમ્યાન ચોરાઉ મોબાઇલ સાથે લખમણ ઉર્ફે બાવ દેવરાજ બોરાસવા (રહે. શિતલગામ તા.બાબરા જી.અમરેલી) તથા રણજીત ઉર્ફે અજીત ભરત માથાસુરીયા નામના બે શખ્સોની ધરપકડ કરી રૂ.૨૦ હજારની કિંમતના ૪ મોબાઇલ કબ્જે કર્યા હતા.

# ગુમશુદા યુવતીની ભાળ આપવા અંગે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટના કરણપરા વિસ્તારમાં બાલાજી મંદિર પાછળ ભાડાના મકાનમાં રહેતી સીતાબેન પ્રકાશભાઈ વિશ્વકર્મા (ઉ.૨૯) તા. ૨૩ જૂનના રોજ ઘરેથી બહારગામ જવાનું કહીને નીકળી ગઈ છે. આ વ્યક્તિ ગુમ થયાની નોંધ તેમના પરિવારજન દ્વારા એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં નોંધાવાઈ છે. આજ સુધીની તપાસમાં આ વ્યક્તિ મળી આવી નથી. આ વ્યક્તિ વિશે કોઈ ભાળ મળે કે હકીકત જાણવા મળે તો, એ ડિવિઝનના પોલીસ મથકના ફોન ૦૨૮૧૨- ૨૨૬૬૫૯/ ૬૩૫૯૬ ૨૭૪૩૬ ઉપર અથવા રાજકોટ શહેર પોલીસ કંટ્રોલરૂમના ફોન નંબર ૦૨૮૧- ૨૪૫૭૭૭૭ પર જાણ કરવા યાદીમાં જણાવાયું છે.

# રાજકોટમાં કારના સ્પેર પાર્ટસ વેંચી નાખી કંપનીના બ્રાન્ચ મેનેજરે આચરી ૫૪ લાખની છેતરપીંડી

### બારોબાર સ્પેર પાર્ટસ વેચી નાંખી કંપનીમાં નાણા જમા ન કરાવ્યાનો ઓડિટમાં ભાંડો ફુટતા ફરિયાદ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

કારના સ્પેર પાર્ટસની ડિલરશીપ ધરાવતી કંપનીના નવાગામના બ્રાન્ચ મેનેજરે રૂ. ૫૪.૦૧ લાખનો સામાન બારોબાર વેચી નાંખી આ નાણા કંપનીમાં જમા ન કરાવી છેતરપીંડી આચર્યાની ફરિયાદ કુવાડવા રોડ પોલીસ મથકમાં નોંધાઈ છે. કંપનીના ઓડિટમાં માલ ઓછો જણાતા ભાંડો ફુટ્યો હતો. આ અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

આ અંગેની જાણવા મળતી વિગત મુજબ મુંબઈમાં ઓપેરા હાઉસમાં આવેલી ઈમ્પીરીયલ મોટર્સ સ્ટોર્સ નામની કંપનીમાં લીગલ વિભાગમાં એકાઉન્ટ એક્ઝીકયુટીવ તરીકે નોકરી કરતા નીખીલ સાકરલાલ શાહે કુવાડવા રોડ પોલીસ મથકમાં નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે તેની જ કંપનીની રાજકોટના નવાગામ આણંદપુરમાં આવેલી બ્રાન્ચ ઓફીસના એન્સેલરી ડિપાર્ટમેન્ટના બ્રાન્ચ મેનેજર હેમલ શરદભાઈ પારેખનું નામ આપ્યું છે. ફરિયાદમાં જણાવ્યા મુજબ તેમની કંપની ટાટા મોટર્સના પાર્ટસની ડિલરશીપ ધરાવે છે. આરોપી તેની બ્રાન્ચ ઓફિસમાં છેલ્લા આઠ વર્ષથી ફરજ બજાવે છે.

કંપની દ્વારા દર વર્ષે સ્ટોક સર્ચ કરવામાં આવે છે. ચાલુ વર્ષે તેઓ દ્વારા સ્ટોક સર્ચ કરતા રૂ. ૧૯.૮૦ લાખનો માલ ઓછો હોય જેથી આ બાબતે આરોપીને પૂછતા તેણે છેલ્લા બે વર્ષમાં વેચી દીધો હોવાની કબૂલાત આપી હતી. આ બાબતે વધુ તપાસ કરતા આરોપીએ અલગ-અલગ ૧૭ પાર્ટીના રૂ. ૨૧.૯૨ લાખના બીલો બનાવી કંપની સાથે કુલ રૂ. ૪૧.૭૨ લાખનો સામાન બારોબાર વેચી નાંખ્યાનું જાણવા મળ્યું હતું. જે અંગે તેમણે પોલીસમાં લેખિત ફરિયાદ આપ્યા બાદ આરોપીએ વધુ રૂ. ૧૨.૨૮ લાખનો સામાન બારોબાર વેચી નાંખ્યાનું જાણવા મળ્યું હતુ. આમ આરોપીએ કુલ રૂ. ૫૪,૦૧,૬૩૯ના સ્પેર પાર્ટસ બારોબાર વેચી નાંખી આ રકમ કંપનીમાં જમા ન કરાવી છેતરપીંડી આચરી હોય જે અંગે કુવાડવા રોડ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે આરોપી બ્રાન્ચ મેનેજર સામે ગુનો નોંધી પીએસઆઈ બી.વી. ભગોરાએ વધુ તપાસ હાથ ધરી છે.

# જખરાપીર -પાળ બ્રિજના ડાયવર્ઝન પરથી વધુ પાણી વહેતું હોવાથી માર્ગ બંધ

રાજકોટમાં હાલમાં પડેલા વરસાદને પગલે લોધિકા તાલુકાના જખરાપીર - પાળ વાળા નવા બનતા બ્રિજના ડાયવર્ઝન પરથી એક ફૂટથી વધારે પાણી જતું હોવાથી, માર્ગ અને મકાન વિભાગ દ્વારા હાલ રસ્તો બંધ કરવામાં આવ્યો છે. વૈકલ્પિક રસ્તો જશવંતપુર થઈને પાળ રાવકી માર્ગ શરૂ કરવામાં આવ્યો હોવાનું રાજકોટ ડિઝાસ્ટર મામલતદારની યાદીમાં જણાવાયું છે.

# નોકરીમાં જોડાયાના પ્રથમ જ દિવસે કર્મચારીનુ રાજીનામુઃ સોશ્યલ મીડીયામાં પોસ્ટ વાઈરલ

નોકરીના પહેલા દિવસે કોઈ કર્મચારીના કામનો અંદાજ કેવી રીતે લગાવી શકાય? દિલ્હીમાં એક કર્મચારીએ માત્ર એક જ દિવસમાં નોકરી પરથી રાજીનામું આપી દીધું હતું. જેના કારણે એચઆર કર્મચારીના આ વર્તનની નારાજ થઈને સોશિયલ મીડિયા પર એક પોસ્ટ શેર કરી છે. કર્મચારીએ રાજીનામું આપતા પહેલા કોલ કે મેઈલ કંઈ જ ના કર્યું માત્ર એચઆરને એટલો મેસેજ કર્યો કે, મને કામ પસંદ નથી હવે વાયરલ થયેલી પોસ્ટમાં લખવામાં આવ્યું કે, તાજેતરમાં, એક વ્યક્તિ જોડાયો અને દિવસ ૧ ના અંત સુધીમાં, સંદેશ મોકલ્યો મુઝે યે કામ પસંદ નહીં આયા. કોઈ ફોન નહીં, કોઈ યોગ્ય સમજૂતી નહીં. બસ થઈ ગયું.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# રાજકોટના રાજમાર્ગ પર ભગવાન જગન્નાથજીની નીકળી ભવ્ય રથયાત્રા





તસવીર : આનંદ જાવીયા











## ૨૬ કિ.મી. લાંબી રથયાત્રાના દર્શનાર્થે ભાવિકોના ધોડાપુર ઉમટયાઃ રથયાત્રાનું ઠેરઠેર સ્વાગતઃ ૧૬૦૦થી વધુ પોલીસ જવાનોએ સુરક્ષા પુરી પાડી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

આજે અષાઢી બીજના પરમ પાવન દિવસે નાના મવા શ્રી જગન્નાથ મંદિર કૈલાસધામ આશ્રમ દ્વારા ભગવાન જગન્નાથજીની રથયાત્રાનું ભવ્યાતિત આયોજન કરવામાં આવ્યું છે.

જગન્નાથ મંદિર દ્વારા છેલ્લા અઢાર વર્ષથી રથયાત્રા યોજાય છે. આજે સવારે ૮.૩૦ કલાકે રાજકોટના રાજવી માંધાતાસિંહ જાડેજાના વરદ હસ્તે પહિંદ વિધિ થયા બાદ જય જગન્નાથના નાદ સાથે રથયાત્રાનો નાના મવા ખાતેથી પ્રારંભ થયો હતો.

રથયાત્રામાં રાસ મંડળી, અઘોરી મંડળી, વૃંદાવન મંડળી, ઉજજૈનના સૌથી ઉંચા બાહુબલી હનુમાનજી વિગેરે સૌ કોઇ માટે આકર્ષક રૂપ બન્યા છે. જગન્નાથ મંદિરના મહંત ત્યાગી મનમોહનદાસજી મ. તથા ઠેકઠેકાણેથી સંતો મહંતો રથયાત્રામાં સામેલ થયા હતા. પોલીસનો ચુસ્ત બંદોબસ્ત રહ્યો છે.

આજે સવારે મોકાજી સર્કલ, વૃંદાવન સોસાયટી, પુષ્કરધામ, શકિતનગર, આકાશવાણી ચોક, યુનિ. રોડ, સાધુ વાસવાણી રોડ થઇને રૈયા રોડ, તુલસી બંગલો, રૈયા ચોકથી આગળ વધીને કિસાનપરા ચોક, જીલ્લા પંચાયત ચોક, સદર, પંચનાથ, લીમડા ચોક, ત્રિકોણબાગ, સાંગણવા ચોક, રણજીત વિલાસ પેલેસ પહોંચ્યા બાદ દરેક ભકતો માટે પ્રસાદની વ્યવસ્થા કરવામાં આવી હતી.

એક કલાકના વિરામ પછી ભગવાન જગન્નાથજીની રથયાત્રા આશાપુરા મંદિર, કેનાલ રોડ, કેવડાવાડી મેઇન રોડ, સોરઠીયાવાડી સર્કલ, કોઠારીયા રોડ, દેવપરા, યાદવનગર, સહકાર મેઇન રોડથી પસાર થઇને સાંજે પી.ડી.એમ.કોલેજ, સ્વામિનારાયણ ચોક સહિતના વિસ્તારને લઇને સાંજે ૮ વાગે નાના મવા જગન્નાથ મંદિરે સંપન્ન થશે. ત્યારબાદ મહાઆરતી કરાશે.

૨૬ કિ.મી. લાંબી રથયાત્રાના દર્શનાર્થે ભાવિકોની માર્ગના બંને ભાગે કતાર જોવા મળી રહી છે. રથયાત્રાનું ઠેર ઠેર સ્વાગત કરવામાં આવી રહ્યું છે. આજની રથયાત્રામાં ૧૬૦૦થી વધુ પોલીસ જવાનોએ સુરક્ષા પુરી પાડી હતી.

પોલીસ કમિશ્નર બ્રજેશકુમાર ઝા, એડી.સીપી મહેન્દ્ર બગરીયાના માર્ગદર્શન હેઠળ ડીસીપી ક્રાઇમ ડો. પાર્થરાજસિંહ ગોહિલ, ડીસીપી સજજનસિંહ પરમાર, ડીસીપી જગદીશ બાંગરવા, ડીસીપી ટ્રાફિક પુજા યાદવ વગેરેની રાહબરીમાં એસ.પી., પીઆઇ, પીએસઆઇ સહિત ૧૬૦૦થી વધુ પોલીસ જવાનો રથયાત્રાની સુરક્ષા કવચમાં ફરજ બજાવી રહ્યા છે.



